Monday, 08 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૦ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



કોઈપણ પાપીના પાપથી ઘૃણા કરો, પણ પાપી પ્રત્યે દયા રાખો.

- મહાત્મા ગાંધીજી

# સેલવાસમાં 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમ યોજાયો

## સહભાગીઓએ ફિટનેસ, સ્વસ્થ જીવનશૈલી, બળતણ સંરક્ષણ અને પર્યાવરણીય સંરક્ષણનો સંદેશ ફેલાવતા આશરે ૧૧ કિલોમીટરનું કાપેલું અંતર





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૭**

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ફિટ ઈન્ડિયા ચળવળ દ્વારા દેશભરમાં ફિટનેસ, આરોગ્ય જાગૃતિ અને રમત-ગમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં, રમત-ગમત અને યુવા બાબતોના વિભાગે, કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, વિશ્વ સાયકલ દિવસની ઉજવણી માટે ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાયકલ યાત્રાને સેલવાસ ન.પા. પ્રમુખ શ્રી સોમનાથ દેવરેએ લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી. આ પ્રસંગે શ્રીમતી સ્વરૂપા શાહ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રમતવીરો, વિદ્યાર્થીઓ, સરકારી અધિકારીઓ, રમત-ગમતના ઉત્સાહીઓ, વરિષ્ઠ નાગરિકો, ગૃહિણીઓ અને સામાન્ય જનતા સહિત ૨૦૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને ગૃહિણીઓની ભાગીદારીએ કાર્યક્રમને વધુ પ્રેરણાદાયક બનાવ્યો હતો. આ સાયકલ યાત્રા ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ (KISCE), ડોકમરડી, સેલવાસમાં શરૂ થઈ હતી અને વાઘછીપા સર્કલ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ, સિલી ફાટા ખાતે સમાપ્ત થઈ હતી અને KISCE કેમ્પસમાં પરત ફરી હતી. સહભાગીઓએ ફિટનેસ, સ્વસ્થ જીવનશૈલી, બળતણ સંરક્ષણ અને પર્યાવરણીય સંરક્ષણનો સંદેશ ફેલાવતા આશરે ૧૧ કિલોમીટરનું અંતર કાપ્યું હતું.

કાર્યક્રમનો ઉદ્દેશ્ય નાગરિકોમાં નિયમિત શારીરિક પ્રવૃત્તિ, સાયકલિંગ સંસ્કૃતિ અને સ્વસ્થ અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમના સફળ આયોજન માટે તમામ સહભાગીઓ, મહેમાનો અને સહાયક વિભાગોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# 'યંગ હાર્ટ્સ એફસી AIFF ફૂટસલ ક્લબ' ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ માટે ક્વોલિફાય થનારી DNHDDની પ્રથમ ક્લબ બની

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૩**



દાનહ અને દમણ-દીવ ફૂટબોલ એસોસિએશન (DNHDD FA) દ્વારા આયોજિત સત્તાવાર ફૂટસલ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬માં યંગ હાર્ટ્સ ફૂટબોલ ક્લબ ચેમ્પિયન બનીને ઈતિહાસ રચી દીધો છે. આ ભવ્ય વિજય સાથે જ યંગ હાર્ટ્સ એફસીએ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) દ્વારા આયોજિત દેશની સર્વોચ્ચ ફૂટસલ સ્પર્ધા 'AIFF ફૂટસલ ક્લબ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬'માં DNHDDનું પ્રતિનિધિત્વ કરવાનો પ્રતિષ્ઠિત અધિકાર મેળવી લીધો છે.

AIFF ફૂટસલ ક્લબ ચેમ્પિયનશિપ એ ભારતની સૌથી મોટી ક્લબ સ્તરની ફૂટસલ ટૂર્નામેન્ટ છે, જેમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની માત્ર એક-એક વિજેતા (ચેમ્પિયન) ક્લબને જ રમવાની તક મળે છે. આ કડક સ્પર્ધા વચ્ચે હવે યંગ હાર્ટ્સ એફસી રાષ્ટ્રીય સ્તરે પ્રદેશનો ઝંડો લહેરાવશે. યંગ હાર્ટ્સ એફસી આ રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી પ્રદેશની સૌપ્રથમ ક્લબ બનવાનું ગૌરવ ધરાવે છે. આ સિદ્ધિ ખેલાડીઓની સખત મહેનત, અદ્ભુત સમર્પણ અને પ્રદેશમાં ફૂટસલ રમતના સતત થઈ રહેલા વિકાસની સાક્ષી પૂરે છે. આ ઐતિહાસિક સફળતા બાદ ક્લબના હોદ્દેદારોએ તમામ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ, ઉત્સાહી સમર્થકો અને પ્રાયોજકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સાથે જ, DNHDD ફૂટબોલ એસોસિએશન તરફથી મળેલા સતત સહકાર અને

- (વધુ પાના નં.૨ પર)

# સંઘપ્રદેશમાં થઈ રહેલા વિકાસની પ્રધાનમંત્રીશ્રીએ કરેલી પ્રશંસાથી પ્રદેશના લોકોની ગજ ગજ ફૂલેલી છાતી

## ૧૯૮૭થી ૧૯૯૨ સુધીના પોલીટિકલ પ્રશાસક પદના કાર્યકાળ દરમિયાન દમણ-દીવ અને દાનહમાં મજબૂત બનેલી રાજકીય, ઔદ્યોગિક, લેન્ડ અને લીકરમાફિયાઓની લોબી ૨૫-૩૦ વર્ષના લાંબા સમય બાદ અંકુશમાં લાવવાનું શ્રેય પણ મોદી સરકારના ફાળે જાય છે




''મને કેટલીય વાર દમણ અને દીવ આવવાનો અવસર મળ્યો છે. દાદરા નગર હવેલી પણ આવતો રહું છું અને જ્યારે હું મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી ન હતો ત્યારે તો બહુ વાર આવતો હતો, પરંતુ હવે જ્યારે હું અહીં આવું છું અને અહીંના સુશાસનને જોઈને, ગવર્નન્સ મોડેલને જોઈને બહુ સારૂં લાગે છે. દર વખતે મને લાગે છે કે, ગત વખતની સરખામણીમાં આ ક્ષેત્ર વિકાસની રાહ પર માઈલો આગળ વધી ગયું છે.'' આ શબ્દો દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુક્રવારે દમણમાં યોજાયેલ સભામાં કહ્યા હતા. પ્રધાનમંત્રીશ્રીના આ ઉદ્‌ગારથી દમણ સહિત દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં રહેનારા દરેક લોકો અને નાગરિકોની છાતી ગજ ગજ ફૂલી જવી સ્વાભાવિક છે અને જેનો સીધો શ્રેય સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ અને તેમની ટીમને આપવો જ પડે છે.

અત્રે યાદ રહે કે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટે પોલીટિકલ પ્રશાસકશ્રીની નિમણૂકનો અનુભવ નવો નથી. ગોવા, દમણ અને દીવ સંયુક્ત હતા તે વખતે આ પ્રદેશના ઉપ રાજ્યપાલ પાસે દાદરા નગર હવેલીના પ્રશાસક પદની જવાબદારી રહેતી હતી અને ઉપ રાજ્યપાલની નિયુક્તિ પણ રાજકીય ઈચ્છાશક્તિના આધારે જ કરવામાં આવતી હતી. ત્યારબાદ ૧૯૮૭માં ગોવાને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યા બાદ ૧૬ માર્ચ, ૧૯૯૨ સુધી ગોવાના રાજ્યપાલ પાસે આ બંને ટચૂકડા કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રશાસક પદની વધારાની જવાબદારી રહેતી હતી. ૧૯૮૭થી લઈને ૧૯૯૨ સુધી ગોવાના ત્રણ રાજ્યપાલોએ દમણ-દીવ અને દાદરા નગર હવેલીના પ્રશાસક તરીકે જવાબદારી નિભાવી હતી.

૧૯૮૭થી ૧૯૯૨ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન પ્રશાસક તરીકે ફરજ બજાવતા ગોવાના રાજ્યપાલોએ મોટાભાગે ડિસ્ટલરી તથા દારૂના લાયસન્સો અને ખાણીપીણી સહિતના પાર્ટી કલ્ચરમાં જ પોતાનો સમય પસાર કર્યો હતો અને પ્રદેશમાં રાજકીય, ઔદ્યોગિક, લેન્ડ અને લીકરમાફિયાઓની એક લોબી ઉભી કરી હતી. જે લોબીને અંકુશમાં લાવતા ૨૫-૩૦ વર્ષ જેટલો લાંબો સમય પસાર થયો છે અને આ લોબીને અંકુશમાં લાવવાનું શ્રેય પણ મોદી સરકારના ફાળે જાય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દાદરા નગર હવેલી અને દમણ-દીવની સામાજિક, આર્થિક, ભૌગોલિક અને રાજકીય સ્થિતિથી પણ માહિતગાર હોવાના કારણે જ તેમણે પોતાના વિશ્વાસુ એવા શ્રી પ્રફુલભાઈ પટેલને પ્રદેશનું સુકાન સોંપી આપેલી આઝાદીથી આજે વર્તમાનમાં પ્રદેશના વિકાસ અને પરિવર્તનના પ્રવાહને નિહાળી શકાય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગયા વર્ષે સેલવાસની સભામાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટે સિંગાપોરના આપેલા દૃષ્ટાંત બાદ પ્રશાસને એક પછી એક લગાતાર લીધેલા નિર્ણયોના કારણે આજે પ્રધાનમંત્રીશ્રીને પણ કહેવું પડ્યું છે કે, દાનહ અને દમણ-દીવ પણ સિંગાપોરની તર્જ ઉપર વિકસિત થવાનું સપનુ જોઈ રહ્યા છે જેમાં નમો એરપોર્ટ, દમણગંગા નદી પર બનનારો આઈકોનિક બ્રિજ, બીચફ્રન્ટ અને દરિયા કિનારે બનનાર કન્વેન્શન સેન્ટર જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરો ભવિષ્યના સિંગાપોર જેવા મોટા સંકલ્પોનો પાયો નાખી રહ્યા છે.

**નમો એરપોર્ટ, દમણગંગા નદી પર બનનારો આઈકોનિક બ્રિજ, બીચફ્રન્ટ અને દરિયા કિનારે બનનાર કન્વેન્શન સેન્ટર જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરો ભવિષ્યના સિંગાપોર જેવા મોટા સંકલ્પોનો પાયો હોવાનું પણ પ્રધાનમંત્રીશ્રીએ કરેલું નિરીક્ષણ**

સિંગાપોરે પણ પોતાના સ્થાપના કાળ દરમિયાન સ્વચ્છતા અને અનુશાસનને પોતાનો મુખ્ય પાયો બનાવ્યો હતો. આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સ્વચ્છતા આદત બની ચુકી છે અને દરેક ક્ષેત્રે હવે લોકો અનુશાસનમાં રહેતા શીખી રહ્યા છે. જે ભવિષ્યના સમૃદ્ધ ભવિષ્યનો પાયો છે.

## સોમવારનું સત્ય

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તેના અસ્તિત્વ કાળથી જ ભાગ્યશાળી રહ્યું છે. પોર્ટુગીઝ સલ્તનત સમયે પણ દમણ અને સેલવાસનો દબદબો હતો. આ દબદબો કેટલીક સારી અને ખરાબ બંને બાબતોએ હતો, પરંતુ પ્રદેશના લોકોની સમૃદ્ધિ ટકી રહી હતી. હવે શરૂ થયેલા વિકાસના દાયકામાં પ્રદેશના લોકો લાંબી છલાંગ લગાવવા તત્પર બન્યા છે અને યોગ્ય અવસરો મળશે એવો મજબૂત આશાવાદ પણ દેખાઈ રહ્યો છે.

દમણ વિભાગ
કોળી પટેલ કેળવણી વિકાસ મંડળ, દમણ.

ખુશ ખબર
ખુશ ખબર

ધોરણ V થી XI પાસ કોળી પટેલ સમાજ દમણના વિદ્યાર્થીઓ માટે
મફત નોટબુક વિતરણ

દમણ કોળી પટેલ સમાજના ધોરણ V થી ધોરણ XI (2026 માં) પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે સમાજના દાતાઓ દ્વારા દાનમાં મળેલ રકમથી વિના મુલ્યે નોટબુકનું વિતરણ કરવામાં આવશે. તો સમાજના સર્વે વિદ્યાર્થીઓને જણાવતા આનંદ થાય છે કે આપ આપની માર્કશીટ અને આધારકાર્ડની કોપી લઈ સમાજનાં હોલમાં રૂબરૂ આવી નોટબુક મેળવી લેવી.

નોટબુકનું વિતરણ માત્ર બે દિવસ તા. 8 જૂન થી 9 જૂન 2026 ના દિને, સમય સવારે 10:00 થી સાંજે 6:00 સુધી કરવામાં આવશે. નોટબુકનું વિતરણ વહેલા તે પહેલા ના ધોરણે સ્ટોક હોય ત્યા સુધી કરવામા આવશે.

વધુ સંપર્ક માટે
9978297676
9879402828

લિ.
દમણ જિલ્લા કોળી પટેલ સમાજ
તથા
કોળી પટેલ કેળવણી વિકાશ મંડળ, દમણ






## સુવિચાર - સદ્‌વિચાર

સુખી અને તંદુરસ્ત જીવનની ચાવી સવારે ચાલવા જવું અને દિવસભર ચલાવી લેવું...

## કવિતા-ભજન-પદ-ગરબા

### હરદમ હરિ-નામ ભજો રી

હરદમ હરિ-નામ ભજો રી.
જો હરદમ હરિ-નામ કો ભજિહૌ, મુક્તિ વ્હે જૈસે તોરી,
પાપ છોડ કે પુન્ય જો કરિહૌ, તબ વૈકુંઠ મિલો રી,
કરમ સે ધરમ બનો રી.

'યકરંગ' પિય સૌં જાઈ કહૌ કોઈ, હર ઘર રંગ મચો રી,
સુર નર મુનિ સબ ફાગ ખેલત હૈં, અપની-અપની જોરી,
ખબર કોઈ લેત ન મોરી.

- યકરંગ

## આજની જોક

એક જાડા બહેન વજનકાંટા ઉપર ઉભા રહીને થોડી થોડી વાર ઊંડા ઊંડા શ્વાસ લઈને પેટ અંદર ખેંચે...
તેના પતિ દેવે કહ્યું કાંઇ ફેર ન પડે પેટ અંદર લેવાથી વજનકાંટો વજન ઓછું ન દેખાડે...!
બહેન ખિજાયને બોલ્યા, બુદ્ધિ વગરના છો સાવ..!!!
પેટ અંદર લઉ તો જ મને કેટલું વજન છે તે દેખાય..

## કબીર વાણી

**જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય;**
**ધનવંત સોહિ જાનીયે, રામ પદાર્થ હોય.**

**- અર્થાત-**

કબીરજી કહે છે કે દુનિયાના બધા લોકો અજ્ઞાની કે નિર્ધન છે, સાચો ધનવાન કોઈ નથી. ખરેખર ધનવાન તેને જ જાણવો જોઈએ જેને ભગવાનના નામ રૂપી અમૂલ્ય રતન મળી ગયું છે.

## આજનો દિન વિશેષ

### ડિમ્પલ કાપડિયા

ડિમ્પલ કાપડિયા (જન્મ ૮ જૂન ૧૯૫૭) એક ભારતીય અભિનેત્રી છે જે મુખ્યત્વે હિન્દી ફિલ્મોમાં કામ કરે છે. મુંબઈમાં શ્રીમંત માતાપિતાના ઘરમાં જન્મેલી અને ઉછરેલી, તેણીને નાનપણથી જ અભિનેત્રી બનવાની ઈચ્છા હતી અને તેના પિતાના પ્રયાસોથી તેને ફિલ્મ ઉદ્યોગમાં લોન્ચ કરવાની તક મળી.

૧૪ વર્ષની ઉંમરે ફિલ્મ નિર્માતા રાજ કપૂરે તેણીને શોધી કાઢી, જેમણે તેણીને તેમની કિશોર પ્રેમિકા બોબી (૧૯૭૩) ની મુખ્ય ભૂમિકામાં લીધી, જે મોટી વ્યાપારી સફળતા માટે ખુલી અને તેણીને વ્યાપક જાહેર ઓળખ મળી. ૧૯૭૩માં ફિલ્મ રિલીઝ થાય તેના થોડા સમય પહેલા, તેણીએ અભિનેતા રાજેશ ખન્ના સાથે લગ્ન કર્યા અને અભિનય છોડી દીધો. તેમની પુત્રીઓ, ટ્વિંકલ અને રિંકી ખન્ના, બંનેએ તેમની યુવાનીમાં થોડા સમય માટે અભિનેત્રી તરીકે કામ કર્યું. કાપડિયા ૧૯૮૪માં ફિલ્મોમાં પાછા ફર્યા, ખન્નાથી અલગ થયાના બે વર્ષ પછી. એક વર્ષ પછી રિલીઝ થયેલી તેણીની કમબેક ફિલ્મ સાગર, તેણીની કારકિર્દીને પુનર્જીવિત કરી. બોબી અને સાગર બંનેએ તેણીને શ્રેષ્ઠ અભિનેત્રી માટે ફિલ્મફેર પુરસ્કારો જીત્યા. આગામી દાયકામાં તેણીના કામ દ્વારા, તેણીએ પોતાને હિન્દી સિનેમાની અગ્રણી અભિનેત્રીઓમાંની એક તરીકે સ્થાપિત કરી.

જ્યારે તેમની શરૂઆતની ભૂમિકાઓ ઘણીવાર તેમની સુંદરતા અને લૈંગિક અપીલ પર આધારિત હતી, ત્યારે કાપડિયા પોતાને પડકારવા અને તેમની શ્રેણીને વિસ્તૃત કરવા આતુર હતી. તે મહિલા-કેન્દ્રિત હિન્દી એક્શન ફિલ્મોમાં અભિનય કરનારી પ્રથમ અભિનેત્રીઓમાંની એક હતી, પરંતુ જ્યારે તેણીએ મુખ્ય પ્રવાહ અને નિયોરિયાલિસ્ટ સમાંતર સિનેમા બંનેમાં વધુ નાટકીય ભૂમિકાઓ લીધી ત્યારે વિવેચકો દ્વારા વધુ પ્રશંસા મળી.

વૈવાહિક નાટકોથી લઈને સાહિત્યિક રૂપાંતરણો સુધીની ફિલ્મોમાં અભિનય કરીને, તેણીએ મુશ્કેલીમાં મુકાયેલી સ્ત્રીઓની ભૂમિકા ભજવી હતી જે ક્યારેક તેમના વ્યક્તિગત અનુભવને પ્રતિબિંબિત કરતી હતી, અને કાશ (૧૯૮૭), દ્રષ્ટિ (૧૯૯૦), લેકિન... (૧૯૯૧) અને રૂદાલી (૧૯૯૩) માં તેમના અભિનય માટે પ્રશંસા મેળવી હતી. રૂદાલીમાં વ્યાવસાયિક શોક કરનાર તરીકેની ભૂમિકા માટે, તેણીએ શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને ફિલ્મફેર ક્રિટીક્સ એવોર્ડ જીત્યો હતો. તેણીએ ગુના નાટકો પ્રહાર (૧૯૯૧), અંગાર (૧૯૯૨), ગાર્દિશ (૧૯૯૩) અને ક્રાંતિવીર (૧૯૯૪) માં પણ સહાયક ભૂમિકાઓ ભજવી હતી, બાદમાં તેણીને બીજો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

## આધ્યાત્મ

આધ્યાત્મિક જીવનનો અર્થ આંતરિક પરિપક્વતામાં વૃદ્ધિ થાય છે, તમારા ઉચ્ચ સ્વ સાથે ઊંડો જોડાણ સ્થાપિત થાય છે, અને આમ તમારા અંતર્ગત દિવ્યતાને પ્રગટ કરે છે. જ્યારે આવું થાય છે, ત્યારે તમે તમારા મનમાં શાંતિ અને પરિપૂર્ણતાનો અનુભવ કરવાનું શરૂ કરશો. અહીં દસ ટેવો અને પ્રથાઓ છે જે તમને આ પ્રાપ્ત કરવામાં અને આધ્યાત્મિક જીવન જીવવામાં મદદ કરશે.

**તમારી બધી ક્રિયાઓ ભગવાનને સમર્પિત કરો :** આપણે આખો દિવસ વ્યસ્ત રહીએ છીએ, એક યા બીજા કાર્યમાં વ્યસ્ત રહીએ છીએ. આપણે આપણી વ્યસ્તતામાં એટલા ડૂબી જઈએ છીએ કે આપણે આપણી અંદરની દૈવી શક્તિને ભૂલી જઈએ છીએ જે આપણને આ બધું કરવા માટે સશક્ત બનાવે છે. જ્યારે આપણે આરામ કરીએ છીએ કે સૂઈએ છીએ, ત્યારે પણ આપણી અંદરની દૈવી બુદ્ધિ આપણા શારીરિક કાર્યો, જેમ કે શ્વસન, પરિભ્રમણ અને પાચન, સરળતાથી ચાલુ રાખે છે.

**આપણા શરીરની અદ્ભુત ક્ષમતાઓ વિશે વિચારો :** તે આપણી આસપાસની દુનિયાને જોઈ, ગંધ, સ્વાદ, સ્પર્શ અને સાંભળી શકે છે.

**હાથ અતિ બહુમુખી છે અને અસંખ્ય કાર્યો કરી શકે છે :** શરીરના વિવિધ અવયવો અને ગ્રંથીઓ આપણી સૂચના કે હસ્તક્ષેપ વિના કાર્યક્ષમ રીતે તેમના કાર્યો કરે છે. જો આ કાર્યો આપણા હાથમાં હોત, તો આપણે કદાચ શ્વાસ લેવાનું, હૃદયના ધબકારા કેવી રીતે મારવા અથવા ખોરાકને કેવી રીતે પચાવવો તે ભૂલી જઈશું. પરંતુ આપણા જ્ઞાની સર્જકે આ કાર્યોને સ્વચાલિત બનાવ્યા છે. અતિ આધુનિક માનવ મગજ એ વિશ્વનું સૌથી જટિલ મશીન છે. તેમાં લગભગ ૧૦૦ અબજ મગજ કોષો અથવા ચેતાકોષો છે, જે એક જટિલ નર્વસ સિસ્ટમ સાથે મળીને શરીરને સરળતાથી કાર્ય કરવામાં મદદ કરે છે.

### પ્રધાનમંત્રીશ્રીની દમણની ઐતિહાસિક મુલાકાતે શિક્ષક સમુદાયને પ્રેરણા આપી

# લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટની ત્રણ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગીદારી લઈ મહત્ત્વપૂર્ણ પ્રસંગનો કરેલો પ્રત્યક્ષ અનુભવ

**વિદ્યાર્થીઓ અને શિક્ષક સમુદાય માટે રાષ્ટ્ર નિર્માણ, વિકાસની ગતિ, સુશાસન અને દૂરંદેશી નેતૃત્વને નજીકથી સમજવા માટે સાબિત થયેલો પ્રેરણાદાયક પ્રસંગ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા. ૦૭**

કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ-દીવ માટે વિકાસ, પ્રગતિ અને જાહેર કલ્યાણમાં એક નવો અધ્યાય શરૂ થયો. તા.૫મી જૂન, ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પ્રસંગે નમો એરપોર્ટ સહિત ૫૬ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને સમર્પણનો ઐતિહાસિક પ્રસંગ સમગ્ર રાજ્ય માટે ગૌરવ, ઉત્સાહ અને નવી શક્યતાઓનું પ્રતીક બન્યો.

આ ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત પ્રસંગે, લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના શિક્ષકો, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આ મહત્વપૂર્ણ પ્રસંગનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. આ ભાગીદારી ફક્ત હાજરી પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ વિદ્યાર્થીઓ અને શિક્ષક સમુદાય માટે રાષ્ટ્ર નિર્માણ, વિકાસની ગતિ, સુશાસન અને દૂરંદેશી નેતૃત્વને નજીકથી સમજવા માટે એક પ્રેરણાદાયક તક સાબિત થઈ. વિકાસ પ્રોજેક્ટ્સને પ્રત્યક્ષ જોઈને, વિદ્યાર્થીઓએ અનુભવ્યું કે કેવી રીતે દૃષ્ટિ, નિશ્ચય અને જન કલ્યાણકારી માનસિકતા રાજ્યની દિશા અને સ્થિતિને સકારાત્મક રીતે બદલી શકે છે.

આ પ્રસંગે, વિદ્યાર્થીઓ અને શિક્ષક સમુદાયે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ હેઠળ પ્રદેશમાં ચાલી રહેલા વિકાસ કાર્ય અને જન કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાની અસર પણ જોઈ. શિક્ષણ, માળખાગત સુવિધાઓ અને એકંદર વિકાસ માટનું તેમનું વિઝન પ્રદેશને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યું છે અને યુવા પેઢી માટે પ્રેરણાના સ્રોત તરીકે સેવા આપી રહ્યું છે.

આ પ્રેરણાદાયી શૈક્ષણિક ભાગીદારી લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફતેહસિંહજી એમ. ચૌહાણના માર્ગદર્શન અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ થઈ હતી. તેમના સતત પ્રયાસો હંમેશા વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાનથી જ નહીં, પરંતુ સામાજિક જાગૃતિ, રાષ્ટ્રીય વિકાસ અને વાસ્તવિક જીવનના અનુભવોથી પણ જોડવાના રહ્યા છે.

ચેરમેનના માર્ગદર્શન હેઠળ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ ઐતિહાસિક પ્રસંગે શિસ્ત, દેશભક્તિ અને સામાજિક જવાબદારી સાથે ભાગ લીધો, વિકસિત ભારતના વિઝનને નજીકથી અનુભવ્યુ હતું. આ અનુભવ નિ:શંકપણે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ, સભાન નાગરિકતા અને નેતૃત્વ કૌશલ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

લાયન્સ શૈક્ષણિક પરિવાર માને છે કે, શિક્ષણ ફક્ત પુસ્તકો પૂરતું મર્યાદિત નથી; તેના બદલે, આવી પ્રેરણાદાયી તકો વિદ્યાર્થીઓને મોટા સ્વપ્ન જોવા, વ્યાપક દૃષ્ટિકોણ વિકસાવવા અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિયપણે ભાગ લેવા પ્રેરણા આપે છે.

આ ઐતિહાસિક મુલાકાત, પ્રેરણાદાયી અનુભવો અને વિકસિત ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે, લાયન્સ શૈક્ષણિક પરિવારે ભવિષ્યની નવી દિશાનો પ્રત્યક્ષ સાક્ષી લીધો. જ્યારે વિદ્યાર્થીઓ વિકાસનો નજીકથી અનુભવ કરે છે, ત્યારે તેઓ ફક્ત દર્શક નથી - તેઓ ભવિષ્યના નિર્માણના સંકલ્પ સાથે પાછા ફરે છે.

# બીલીમોરામાં સરકારી જમીન પરથી મેગા ડિમોલિશન: ઈંટના ભઠ્ઠા અને ગેરકાયદેસર બાંધકામો સહિત અંદાજિત રૂ. ૩૨ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૭:**

બીલીમોરા સિટી સર્વે વિસ્તારના ટીકા નં.૩૫ હેઠળ આવતા સિટી સર્વે નંબર ૨૧૯૭ (ક્ષેત્રફળ ૬૦૭૨ ચો.મી.) અને ૨૨૯૫ (ક્ષેત્રફળ ૯૯૫૩ ચો.મી.) વાળી જમીન સરકારશ્રીની માલિકીની છે. આ સરકારી જમીન પર કેટલાક ખાનગી ઈસમો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી કાચા-પાકા મકાનો અને ઓરડીઆનું નિર્માણ કરવામાં આવ્યું હતુ. તેમજ ઈંટના ભઠ્ઠા જેવી વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી.

આ ગેરકાયદેસર દબાણ દૂર કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની અને ચીખલી પ્રાંત અધિકારીશ્રી મિતેષ પટેલના માર્ગદર્શન હેઠળ સિટી સર્વે સુપિન્ટેન્ડેન્ટ, મામલતદારશ્રી ગણદેવી અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અને ૨૦૨ મુજબ નોટિસ પાઠવીને તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, તા.૦૬/૦૬/૨૦૨૬, શનિવારના રોજ આ દબાણો દૂર કરવામાં આવ્યા છે. જેથી, અંદાજિત રૂા. ૩૨ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ હતી. હાલ આ જમીનનો કબજો સરકારશ્રી પક્ષે પરત મેળવેલ છે, જેથી ભવિષ્યમાં તેનો ઉપયોગ સાર્વજનિક લોકસુવિધાના નિર્માણ હેતુ કરવામાં આવશે.

# પારસ હેલ્થકેર લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સુરત, તા.૦૭**

ટર્ટિયરી અને ક્વાટર્નરી હેલ્થકેર સર્વિસીસ પૂરી પાડતા ક્લિનિકલ સ્પેશિયાલિટી સંચાલિત હોસ્પિટલ પ્લેટફોર્મ પારસ હેલ્થકેર લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. કંપની આઠ હોસ્પિટલ્સના નેટવર્ક દ્વારા ટર્ટિયરી અને ક્વાટર્નરી હેલ્થકેર સર્વિસીસ પૂરી પાડે છે. આ હોસ્પિટલ્સ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ૨,૨૧૧ બેડ્સની કુલ બેડ ક્ષમતા ધરાવે છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરને બીએસઈ અને એનએસઈ પર લિસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

ડો. ધરમિન્દરકુમાર નાગર કંપનીના પ્રમોટર છે. આ ઓફરમાં રૂા.૫૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તેમજ વેચાણકર્તા શેરધારક દ્વારા રૂા. ૧,૩૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે. ઓફરની કુલ સાઈઝ રૂા.૧,૮૦૦ કરોડ સુધીની રહેશે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂા. ૧ નક્કી કરવામાં આવી છે.

પારસ હેલ્થકેર લિમિટેડે તેના હોસ્પિટલ નેટવર્કના વિસ્તરણ માટે ગુરૂગ્રામમાં ૩૦૦ બેડ ક્ષમતાવાળી હોસ્પિટલ અને લુધિયાણામાં ૫૦૦ બેડ ક્ષમતાવાળી હોસ્પિટલ શરૂ કરવાની યોજના ધરાવે છે.

છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન કંપનીએ કન્સોલિડેટેડ ધોરણે મજબૂત વૃદ્ધિ નોંધાવી છે, આવક નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રૂા.૧,૧૨૯.૦૩૯ કરોડથી ૧૯.૨૬ ટકાના સીએજીઆરથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂા.૧,૬૦૫.૯૫૨ કરોડ થઈ છે. કંપનીની એબિટા પણ નાણાંકીય વર્ષ ૨૦૨૪ના રૂા. ૧૫૪.૪૧૧ કરોડથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂા. ૩૩૫.૫૭૭ કરોડ થઈ છે, જે ૪૭.૪૧ ટકા સીએજીઆર વૃદ્ધિ દર્શાવે છે.

જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, બેંક ઓફ અમેરિકા સિક્યોરિટીઝ ઈન્ડિયા લિમિટેડ અને નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

### પાઠ્યપુસ્તકો વિના કેમ ભણશે ગુજરાત

# નવસારી જિલ્લામાં આજથી શાળાઓ શરૂ થઈ ગઈ છે પરંતુ ધોરણ ૯ અને ૧૦ના પુસ્તકો હજી સુધી ઉપલબ્ધ નથી

**કાગળની આયાતમાં વિલંબના કારણે લગભગ ૧૦ દિવસ જેટલું મોડું થયું છે: શૈક્ષણિક સંઘ ગુજરાત રાજ્ય**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા. ૦૭**


સોમવારના રોજ આજથી રાજ્યની શાળાઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ નવસારી જિલ્લામાં ૧૧૦ જેટલી શાળા પૈકી એક પણ શાળામાં ૯ થી ૧૦ ધોરણના તમામ વિષયના પુસ્તકો હજુ સુધી આવ્યા નથી.

ઉલ્લેખનીય છે કે, નવસારી જિલ્લામાં ૧૧૦ જેટલી ગ્રાન્ટેડ શાળા જેટલી ધોરણ ૮ થી ૧૦ની માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર આજથી ચાલુ થઈ ગયું છે. પરંતુ શિક્ષકો જેના આધારે બાળકોને ભણાવવાના છે તે પાઠ્યપુસ્તકોના ઠેકાણા નથી. જ્યારે નવસારી જિલ્લામાં હજારો વિદ્યાર્થી છે અને પાઠ્યપુસ્તક વિના તેમના શિક્ષણ પર અસર થશે.

**યુદ્ધની અસર હવે બાળકોના શિક્ષણ પર પડશે :** રાજ્ય શૈક્ષણિક સંઘ સમિતિ દ્વારા એવું જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ઈડીએન યોજના હેઠળ મળતા ધોરણ ૯ અને ૧૦ના પુસ્તકો જૂન માસના અંત સુધીમાં એસ.વી.એસ.કક્ષાએ પહોચશે આ બાબતે અધ્યક્ષ શ્રી મનુભાઈ પાવરાના જણાવ્યા અનુસાર ચાલુ સાલે સજોગાવશાત કેટલીક ન્યાયિક પ્રકિયા અને યુદ્ધની વિષમ પરિસ્થિતિને લીધે કાગળની આયાતમાં વિલંબના કારણે લગભગ ૧૦ દિવસ જેટલું મોડું થયું છે.

**પુસ્તક વિના વિદ્યાર્થીઓ માનસિક રીતે ભણવા તૈયાર થતા નથી :** સામાન્ય રીતે પુસ્તક ન હોય એટલે વિદ્યાર્થીઓને ભણવાની જ ઈચ્છા ન થાય પુસ્તક હોય તો ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ ઘરે બેઠા પણ ભણી શકે છે અને શિક્ષકો તેને હોમવર્ક પણ આપી શકે છે. પુસ્તક ન હોવાના બહાના હેઠળ વિદ્યાર્થીઓ માનસિક ભણવા તૈયાર ન થાય. જેને લઈ જેટલું ભણવાનું મોડું શરૂ થાય એટલી જ પરિણામ પર અસર થાય છે.

# વાપી આરકેદેસાઈ કોલેજ ઓફ સાયન્સ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૭**

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ ખાતે કોલેજ કેમ્પસમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી હતી.

કાર્યક્રમનું આયોજન પ્રાધ્યાપક ડૉ.પિંકલ પટેલ, વિની લગ્ગડ,ભૂષણ સરોડે, બ્રિજેશ પટેલ અને પ્રતિક સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ મિત્તલ શાહ તથા ઈન્ચાર્જ આચાર્ય સુરભિ ચૌધરીએ સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વૃક્ષારોપણના મહત્વ પર ભાર મૂકતાં વિદ્યાર્થીઓ અને સ્ટાફના પ્રયાસોની પ્રશંસા કરી હતી તેમજ ભવિષ્યમાં પણ આવા જનજાગૃતિ કાર્યક્રમો યોજાતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

અંતે સૌએ વધુમાં વધુ વૃક્ષો વાવી તેમની સંભાળ રાખવાનો સંકલ્પ કર્યો અને પર્યાવરણ સંરક્ષણ માટે સતત કાર્યરત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)** **યંગ હાર્ટ્સ એફસી AIFF...**

પ્રોત્સાહનને આ જીતનો પાયો ગણાવ્યો હતો. આ સિદ્ધિ અંગે વાત કરતાં યંગ હાર્ટ્સ ફૂટબોલ ક્લબના ડિરેક્ટર શ્રી પ્રીત ભરતકુમાર ભટ્ટે જણાવ્યું હતું કે, "આ સિદ્ધિ અમારા ખેલાડીઓએ સમગ્ર સીઝન દરમિયાન દર્શાવેલી મહેનત, સમર્પણ અને પ્રતિબદ્ધતાનું પરિણામ છે. અમે અમારા સ્થાનિક ખેલાડીઓ પર વિશ્વાસ મૂક્યો, પ્રક્રિયામાં શ્રદ્ધા રાખી અને ખેલાડીઓએ DNHDD FA ફૂટસલ ચેમ્પિયનશિપ જીતીને અમારા વિશ્વાસને સાર્થક કર્યો. રાષ્ટ્રીય સ્તરે DNHDDનું પ્રતિનિધિત્વ કરવાનું અમને ગૌરવ છે. હવે અમારું લક્ષ્ય AIFF ફૂટસલ ક્લબ ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું છે અને અમે અમારા ક્લબના પ્રતીક, અમારા ક્લબ તથા અમારા કેન્દ્રશાસિત પ્રદેશના માટે સંપૂર્ણ સમર્પણ સાથે રમીશું.

વર્તમાન પ્રવાહ
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444

# ઉમરગામ તાલુકાના દેહરી ગામ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કર્યો

## રાજ્યપાલે રાત્રિ સભામાં વ્યસનમુક્ત ગામ, શિક્ષણ અને પ્રાકૃતિક ખેતીનો મંત્ર આપ્યો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાત. ૦૭**

વલસાડ જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધારેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રથમ દિવસની રાત્રિએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ઉમરગામ તાલુકાના દેહરી-ગોવાડા ગામે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પટાંગણમાં આયોજિત રાત્રિસભામાં ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, વ્યસનમુક્ત ગામ અને શિક્ષણ ઉપર ભાર મુક્યો હતો

રાજ્યપાલે રાત્રીસભા પુર્વે, ગામના અનુસૂચિત જાતિ પરિવારના કૌશિકભાઇ સુરેશભાઇ માહયાવંશીના ઘરે પહોંચીને તેમના પરિવાર સાથે સાદા ભોજનનો આસ્વાદ માણ્યો હતો. રાજ્યપાલે સહજતા અને આત્મીયતા સાથે કૌશિકભાઈ, તેમના ધર્મપત્ની નયનાબેન, પુત્ર પ્રિન્સ સાથે વાતચીત કરી, તેમના રોજિંદા જીવન વિશે માહિતી મેળવી હતી. ગામડાની પરંપરા મુજબ રાજ્યપાલે દુધીનું શાક, રોટલી, ખીચડી, મગની દાળ જેવા સાદા ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

રાત્રીસભામાં રાજ્યપાલશ્રીએ ગામના વાતાવરણની પ્રશંસા કરતા જણાવ્યું કે, જો પરિવારમાં સ્નેહ, એકતા અને ભાઈચારો હોય તો તે ધરતી પરનું સ્વર્ગ છે. આપણી પુંજી આપણા બાળકો છે. બાળકો સમાજનું ગૌરવ વધારે એવા સંસ્કારી અને ગુણવાન બનાવીએ. ભાવી પેઢી શિક્ષિત હશે તો સમાજ ઉત્તરોતર પ્રગતિ કરશે.

સ્વાસ્થ્યની ગંભીરતા અંગે જણાવતા રાજ્યપાલે ઉમેર્યું હતુ કે, સ્વાસ્થ્યને સારું રાખવા માટે સાત્વિક આહાર લેવો જોઈએ. રાસાયણિક ખાતરોનો ઉપયોગ અને વિદેશી ખેતીએ જમીનને બંજર બનાવી છે. જેના કારણે કેન્સર જેવી ભયંકર બીમારીઓ આવી છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતા ઝેરમુક્ત ખોરાકથી માનવ શરીર રોગમુક્ત રહેશે. ગુજરાતમાં સાડા આઠ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવો અનુરોધ રાજ્યપાલે કર્યો હતો.

ગામના ખેડૂતોને સંબોધતા તેમણે યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરોનો ત્યાગ કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને ખેતીની સાથે પશુપાલન દ્વારા આવક વધારવા અપીલ કરી હતી.

રાજ્યપાલે ડીઝલ-પેટ્રોલના ઓછા ઉપયોગ સંદર્ભે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આહવાનને સમર્થન આપતા જણાવ્યું હતું કે, હાલ વૈશ્વિક તણાવ વચ્ચે ક્રૂડ ઓઇલ આયાતના કારણે દેશ પર આર્થિક બોજ વધી રહ્યો છે. જેથી આપણી સામુહિક જવાબદારી બને છે કે, ડીઝલ-પેટ્રોલનો ઓછો ઉપયોગ કરીએ. સામુહિક યાત્રા કરીએ.

આ રાત્રી ગ્રામસભામાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પોલીસ વિભાગના અધિકારીઓ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, દેહરીના સરપંચ ધનેશભાઈ, ઉપ સરપંચ ઉમેશભાઈ, તલાટી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

વિશ્વ પર્યાવરણ દિવસે

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉમરગામ તાલુકાના દહેરી ખાતે વૃક્ષારોપણ કર્યું







## એક એકરમાં દસ હજાર વૃક્ષોના વાવેતર સાથે જતન કરવાનું સ્થાનિક તંત્ર દ્વારા રાજ્યપાલને આશ્વાસનઃ રાજ્યપાલે સફાઈ કરી, સ્વચ્છતા કર્મચારીઓનું સન્માન કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઉમરગામ તાલુકાના દેહરી ખાતે વૃક્ષારોપણ કરી, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી, લોકોને પર્યાવરણનું જતન કરવા આહવાન કર્યું હતું. એક એકરમાં દસ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવશે. તંત્ર દ્વારા રાજ્યપાલને આશ્વાસન આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે રાજ્યપાલે ગામની દીકરીઓ દ્વારા કરવામાં આવેલ વૃક્ષ જતનના સંકલ્પને બિરદાવ્યો હતો. તેમણે કહ્યું કે, ત્રણ વર્ષની મહેનત ઓક્સિજનની માત્રામાં વધારો કરશે. પક્ષીઓને ઘર આપશે. છાંયડો આપશે.

રાજ્યપાલે વધુમાં ઉમેર્યું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે અનેક પડકારો ઉભા થયા છે. જેનું સમાધાન વૃક્ષોનું વાવેતર અને જતન છે. વૃક્ષ દેવતા છે. તેના જતનનું ઈશ્વરીય પવિત્ર કાર્ય આત્માને સંતોષ આપશે.

રાજ્યપાલે ગ્રામવાસીઓને આહવાન કર્યું કે, વડીલોએ જે વૃક્ષો વાવ્યા તેનો આનંદ આપણને મળ્યો, હવે આપણી જવાબદારી બને છે કે આપણી ભાવિ પેઢી માટે વૃક્ષોનું વાવેતર અને જતન કરીએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વૃક્ષારોપણ બાદ ગામમાં સફાઈ પણ કરી હતી. સાથે સ્વછતા કર્મચારીઓનું સન્માન પણ કર્યું હતું.

મહારાષ્ટ્રને અડીને આવેલા દેહરી ગામમાં સફાઈ અભિયાન દરમિયાન તેમણે જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને સ્વચ્છ બનાવવા અભિયાન શરૂ કર્યું છે, સ્વરછતા રાખવી એ પુણ્યનું કાર્ય છે. જેમાં આપણે સૌ ભાગીદાર બની, કર્તવ્ય નિભાવીએ. સ્વચ્છતા થકી સૌનું આરોગ્ય પણ સારું રહેશે. તેમણે સ્વચ્છતા માટે જાગૃતિ કેળવવા સૌ ગ્રામવાસીઓને અનુરોધ કર્યો હતો.

વૃક્ષારોપણ અને સફાઈ અભિયાનમાં રાજ્યપાલ સાથે, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન, કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચેપલોત પણ જોડાયા હતા.

# વલસાડ જિલ્લા ટાસ્ક ફોર્સ ચાઈલ્ડ લેબર ટીમ દ્વારા ઉમરગામ-પારડીમાં દરોડા, ૨૫ બાળ મજૂરોને મુક્ત કરાયા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લાની બાળ મજૂરી નાબૂદી અંગેની ટાસ્ક ફોર્સ ટીમના સભ્યો દ્વારા તા.૫ અને ૬ જૂનના રોજ ઉમરગામ જીઆઈડીસી અને પારડી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ચાઈલ્ડ લેબર નાબુદી અંગેની રેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા બાળ મજૂરી નાબુદી અંગેના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સભ્ય સચિવ, જી.એમ.ભૂટકા, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડના સુપરવિઝન હેઠળ ટીમના સભ્યો (૧) સરકારી શ્રમ અધિકારી, ઉમરગામ, પી.એન.ચોરેરા (૨) સરકારી શ્રમ અધિકારી, વલસાડ, એન.બી.પરમાર (૩) જિલ્લા બાળ સુરક્ષા એકમના સભ્ય, જિજ્ઞેશ એમ.કોંકણી (૪) ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, વલસાડના ઈન્સ્પેક્ટર, વિપુલ જે.વસાવા તથા બી.આર.ગોહિલ (૫) એન્ટી હ્યુમન ટ્રાફિક કંટ્રોલ યુનિટના હર્ષદરાય કે. પાટીલ, હેડ કોન્સ્ટેબલ દ્વારા સંસ્થા (૧) UNICORP STAINER મેન્યુફેક્ચરિંગ પ્રાઈવેટ લિમિટેડ, ઉમરગામ ખાતે બાળ મજૂરી નાબૂદી અંગે રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન સંસ્થામાંથી ચાર તરુણ શ્રમયોગીઓ બિનજોખમી કામગીરીમાં કામ કરતા મળી આવ્યા હતા. (૨) ઉમરગામની અરુણોદય સિરામિક ખાતે રેડ દરમિયાન કુલ ૧૯ તરુણ શ્રમયોગીઓ બિનજોખમી કામ કરતા મળી આવ્યા હતા. (૩) પારડી તાલુકામાં આવેલી યુનાઈટેડ કોપર ઈન્ડસ્ટ્રીઝમાંથી એક તરૂણ શ્રમયોગી બિન જોખમી કામગીરી કરતા મળી આવ્યો અને (૪) ઈનો પેકસીલ ઈન્ડસ્ટ્રીઝમાંથી એક તરૂણ શ્રમયોગી બિનજોખમી કામગીરી કરતા મળી આવ્યો હતો. ૨૩ તરૂણ શ્રમયોગી મહારાષ્ટ્ર રાજ્યના વતની હોવાનુ અને બાકીના ૨ તરૂણ શ્રમયોગી ગુજરાતના હોવાનુ જણાયુ હતું.

આમ, કુલ ૨૫ શ્રમયોગીઓ મળી આવ્યા હતા જેઓને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવાયા હતા. તમામને કામે રાખનાર માલિકો સામે બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન અધિનિયમ) ૧૯૮૬ હેઠળ નોટિસ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધરમપુરના તિસ્કરી તલાટમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગ રૂપે ધરમપુરના સામાજીક વનીકરણ, રેન્જ દ્વારા શિવ શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્મશાન ભૂમિ, તિસ્કરી તલાટ હેટી ફળિયા ખાતે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વન વિભાગના કર્મચારી/અધિકારીઓ, વનપાલ, વન રક્ષકો તેમજ મહેન્દ્રભાઈ ચૌધરી, સંગઠન પ્રદેશ મહામંત્રી, ગણેશભાઈ બીરારી વલસાડ જિલ્લા સંગઠન મહામંત્રી, શકુન્તલાબેન ચૌધરી, પ્રમુખ તાલુકા પંચાયત ધરમપુર, શ્રી કેતનભાઈ સંગઠન તાલુકા પ્રમુખ, શ્રી રણજિતભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તાલુકા પંચાયત ધરમપુર, શ્રી દિનેશભાઈ ભોયા, સરપંચ તીસ્કરી, ગ્રા.પં.ના સભ્યો અને ટ્રસ્ટના પ્રમુખશ્રી રાજેશભાઈ મહાકાળ, મંત્રી શ્રી સુભાષભાઈ ચૌધરી, સહમંત્રી શ્રી રમેશભાઈ ગાંવિત તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પર્યાવરણનું જતન કરવુંએ આપણી સૌની સામુહિક જવાબદારી છે. આજના દિવસે તમામ લોકોએ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને હરિયાળું અને સ્વચ્છ ભારત બનાવવાનો સંકલ્પ લીધો હતો.

# પારડીના ઉમરસાડી ખાતે કંપનીમાં કામ કરતો ઓરિસ્સાવાસી શખ્સ ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉમરસાડી ગામમાં દેસાઈવાડ ખાતે એગ્રો સુરાગ કંપનીમાં રહેતા ૫૮ વર્ષીય સીતા ટીપા માંઝી (મૂળ રહે. કોકસુર ગામ, થાણા-લાઝીગઢ, તા.બેન્ગોન, પોસ્ટ. લાંઝીગઢ, જિ.કલાહન્ડી, ઓરિસ્સા) તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ સાંજે ૭ કંપનીના રૂમમાંથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી જઈ ગુમ થઈ ગયા હતા.



જે અંગે કંપનીના રૂમમાં રહેતા તેમના ભાભી તીરામની કાલિયા હરિજન એ પારડી પોલીસ મથકે સીતા ટીપા માંઝી ગુમ થયાની જાણ કરી હતી.

ગુમ થનાર શરીરે પાતળો બાંધો, શ્યામવર્ણ અને પાંચ ફૂટ બે ઈંચની ઉંચાઈ ધરાવે છે. જેમણે આખી બાયનું સફેદ કલરનું શર્ટ અને બ્રાઉન કલરની લુંગી પહેરી હતી. પગમાં કાળા કલરના બુટ પહેર્યા હતા. જે ઉડીયા અને હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ આ ગુમ થનારની ભાળ મળે તો પારડી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

લોકોને શુધ્ધ, સ્વચ્છ અને સુરક્ષિત ખોરાક મળી રહે તે માટે વલસાડ જિલ્લા ફૂડ વિભાગ સતર્ક

# વલસાડ જિલ્લામાં ભેળસેળીયા તત્વો સામે કડક કાર્યવાહી, છેલ્લા ૫ વર્ષમાં ૩૦૩ સંસ્થાને કુલ રૂ.૧,૦૨,૯૨,૫૦૦નો દંડ

## જિલ્લામાં ખાદ્ય સુરક્ષાનું મજબૂત તંત્રઃ ૫ વર્ષમાં ૨૫૬૫ નમૂનાઓની તપાસ, ૨૨૯ નમૂના નાપાસ થયા

## દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ વલસાડ ખાતે લેબોરેટરી બનશે, જે ફૂડ સેફ્ટી કામગીરીને વધુ સુદ્રઢ બનાવશે








## ભેળસેળયુક્ત કે હલકી કક્ષાની ખાદ્ય સામગ્રી ન વેચાય તે માટે ૧૬૦૬૨ સંસ્થા ઉપર બાજ નજર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૭**

ખેતરથી લઈને થાળી સુધીનો ખોરાક સુરક્ષિત રહે અને લોકો બીમારીથી બચી શકે તે માટે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ (world food safety day) સમગ્ર વિશ્વમાં તા.૭ જૂનના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવી અને દરેક વ્યક્તિને સ્વચ્છ, સલામત અને પૌષ્ટિક ખોરાક મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહે છે. બજારમાં મળતી ખાદ્ય સામગ્રી શુદ્ધ અને આરોગ્ય માટે હાનિકારક ન હોય તેની સંપૂર્ણ દેખરેખ રાખવાની મહત્વપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના શિરે છે. છેલ્લા પાંચ વર્ષમાં વલસાડ જિલ્લામાં આ વિભાગ દ્વારા ખોરાકમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતી ૩૦૩ સંસ્થા સામે કડક કાર્યવાહી કરી કુલ રૂ.૧,૦૨,૯૨,૫૦૦ નો દંડ ફટકારી કાયદાનું ભાન કરાવ્યું છે.

વલસાડ જિલ્લામાં લાઈસન્સ અને રજિસ્ટ્રેશન ધરાવતી કુલ ૧૬૦૬૨ સંસ્થા છે, જેમના દ્વારા ભેળસેળયુક્ત કે હલકી કક્ષાની સામગ્રી ન વેચાય તે માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા બાજ નજર રાખવામાં આવે છે. આ અંગે વલસાડ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર આશિષ વળવી વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની શુભેચ્છા પાઠવી જણાવે છે કે, આજની આ દિવસની ઉજવણીનો હેતુ ખોરાકજન્ય રોગોથી દર વર્ષે લાખો લોકો બીમાર પડે છે, તેને ઘટાડવા માટે અને સુરક્ષિત ખોરાકને વૈશ્વિક પ્રાથમિકતા બનાવવા માટેનો છે. દરેકને શુદ્ધ અને સલામત ખોરાક મળે તે માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ ૨૦૧૯થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી છે.

ફૂડ વિભાગ દ્વારા વર્ષ દરમિયાન ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતા લોકોને લાઈસન્સ અને રજીસ્ટ્રેશન કરવા માટે અવેરનેસ કેમ્પ કરવામાં આવે છે. દૂધ અને દૂધની બનાવટ અને પનીર સહિતનું ઉત્પાદન કરતી સંસ્થા, વેચાણ કરતી દુકાનો, ડેરી અને વપરાશ કરતી હોટલોમાં

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

અવારનવાર ચેકીંગ કરવામાં આવે છે. દર મહિને અને વારે તહેવારે ચેકીંગ કરી ખાદ્ય સામગ્રીના સેમ્પલ લઈ ટેસ્ટિંગ માટે બરોડા, રાજકોટ અને ભુજ સુધી મોકલવામાં આવે છે. હવે આગામી દિવસોમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ લેબોરેટરી વલસાડ ખાતે બનવા જઈ રહી છે, જેની કાર્યવાહી ચાલી રહી છે. જે ફૂડ સેફટી કામગીરીને વધુ મજબૂત બનાવશે.

વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલી કામગીરી અંગે ડેઝીગ્નેટેડ ઓફિસર વળવી વધુમાં જણાવે છે કે, વર્ષ ૨૦૨૧થી ચાલુ વર્ષ મે-૨૦૨૬ સુધીના સાડા પાંચ વર્ષમાં જિલ્લામાંથી અનેક સંસ્થાઓમાંથી વિવિધ ખાદ્ય સામગ્રીના કુલ ૨૫૬૫ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨૯ નમૂના નાપાસ થયા હતા એટલે કે, ખાવા યોગ્ય ન હતા. જ્યારે ૨૩૩૬ નમૂના પાસ થયા હતા. જે નમૂના નાપાસ થયા હોય તે સંસ્થાના માલિક વિરુદ્ધ એડજ્યુકેટીંગ જજમેન્ટ એટલે કે, નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ દાખલ કરી સુનાવણી કરવામાં આવે છે, જેમાં કુલ ૩૦૧ કેસમાં રૂ.૯૬,૮૨,૫૦૦ની પેનલ્ટી દંડ પેટે ફટકારવામાં આવી હતી. આ સિવાય બે કોર્ટ કેસ કરવામાં આવ્યા હતા, જેમાં બે સંસ્થાને રૂ.૬,૧૦,૦૦૦ નો દંડ અને ૩ માસની જેલની સજા પણ ફટકારવામાં આવી હતી. આમ, વલસાડ જિલ્લામાં ફૂડ વિભાગ દ્વારા સતત દેખરેખ, કડક કાર્યવાહી અને જાગૃતિ અભિયાન દ્વારા નાગરિકોને સ્વચ્છ, સુરક્ષિત અને શુદ્ધ ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ સતત ચાલુ છે, સાથે જ ભેળસેળીયા તત્વો સામે સરકાર દ્વારા કાયદાનો કોરડો પણ વીંઝાય રહ્યો છે.

### સોશિયલ મીડિયાને કારણે ફૂડ વિભાગની કામગીરી ઝડપી બની

હાલમાં સોશિયલ મીડિયાના જમાનામાં ખાદ્ય સામગ્રી પ્રત્યે લોકોમાં સભાનતા વધી ગઈ છે. આરોગ્ય સાથે ચેડાં થાય તેવી બાબત હોય તો તાત્કાલિક વાયરલ થઈ જાય છે. જેને ધ્યાનમાં લઈ ફૂડ વિભાગ દ્વારા ત્વરિત અસરે જે તે સંસ્થામાં ચેકીંગ કરવામાં આવે છે. સોશિયલ મીડિયાને કારણે ફૂડ વિભાગની કામગીરી ઝડપી અને અસરકારક બની છે.

### ટેસ્ટિંગ વાન દ્વારા શાળા, કોલેજ અને હટવાડામાં જાગૃતિ અભિયાન

જાન્યુઆરી-૨૦૨૨માં રાજ્ય સરકાર દ્વારા વલસાડ જિલ્લાનાં ફૂડ વિભાગને ટેસ્ટિંગ વાન ફાળવવામાં આવી છે, જેના દ્વારા સ્કૂલ-કોલેજ અને ગામડામાં ભરાતા હટવાળામાં જઈ લોકોને ખાદ્ય સામગ્રી વિશે જાગૃત કરવામાં આવે છે. ખરીદી કરતી વખતે પેકેટ પર કઈ કઈ વિગત ચેક કરવી, ખાદ્ય સામગ્રીનો કલર અને સ્વાદ, ઠંડાપીણાં ખરીદી વખતે શું ધ્યાન રાખવું અને શું ખાવું અને શું ન ખાવું એ બાબતો અંગે પણ લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવે છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ભારતની સિધ્ધિઃ સૌર ઊર્જાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો

## ૩૭ ગીગાવોટની ક્ષમતાના ઉમેરા સાથે સૌર ઊર્જા મામલે ૨૦૨૪માં જાપાનને અને હવે અમેરિકાને ભારતે પછાડ્યું: હવે ફક્ત ચીન આગળ





**વા**ર્ષિક સૌર ક્ષમતા વધારામાં ભારતે અમેરિકાને પાછળ છોડી દીધું છે. ભારત સૌર ઊર્જા વૃદ્ધિના સંદર્ભમાં બીજા ક્રમનો સૌથી મોટો દેશ બન્યો છે. આંતરરાષ્ટ્રીય નવીનીકરણીય ઊર્જા એજન્સી અનુસાર, ભારતે ગયા વર્ષે ૩૭ ગીગાવોટ ક્ષમતા ઉમેરી હતી, જ્યારે અમેરિકાએ ૩૪ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. સૌર ક્ષમતા વધારામાં ભારત ફક્ત ચીનથી પાછળ છે, જેણે ગયા વર્ષે ૩૧૫ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. સૌથી ઝડપથી વિકસતા મુખ્ય સૌર બજાર તરીકે, ભારત મજબૂત નીતિ સમર્થન, નવીનતા અને વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ દ્વારા રેકોર્ડ ક્ષમતા વધારા હાંસલ કરી રહ્યું છે. ભારતે ૨૦૨૩માં ૯.૬ ગીગાવોટ અને ૨૦૨૪માં ૨૫.૪ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. જ્યારે અમેરિકાએ ૨૦૨૩માં ૨૭ ગીગાવોટ અને ૨૦૨૪માં ૩૭.૭ ગીગાવોટનો સૌર ઊર્જા ઉમેરો કર્યો, ત્યારે કુલ સ્થાપિત ક્ષમતાના સંદર્ભમાં ભારત અમેરિકાથી પાછળ છે.

૨૦૨૫ના અંત સુધીમાં, અમેરિકા પાસે કુલ સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા ૨૧૧.૬ ગીગાવોટ હતી, જે ભારતમાં ૧૩૫.૫ ગીગાવોટ હતી. ભારત ૨૦૨૪માં જાપાનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે સૌર ઊર્જાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો. જાપાને ૨૦૨૩માં તેની સૌર ઊર્જા ક્ષમતા ૮૭ ગીગાવોટથી વધારીને લગભગ ૯૦ ગીગાવોટ કરી હતી. ભારતની ક્ષમતા ૨૦૨૩માં ૭૩ ગીગાવોટથી વધીને ૨૦૨૪માં ૯૮ ગીગાવોટથી વધુ થઈ હતી. છેલ્લા દાયકામાં ભારતમાં સૌર ઊર્જા સ્થાપનોની ગતિ નોંધપાત્ર રીતે વધી છે. ૨૦૨૨માં ફક્ત ૫૦ ગીગાવોટ સ્થાપિત ક્ષમતાને વટાવી ગયા પછી, ભારતે આગામી ત્રણ વર્ષમાં વધુ ૫૦ ગીગાવોટનો ઉમેર્યુ, અને પછી જાન્યુઆરી ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ સુધી માત્ર ૧૪ મહિનામાં વધુ ૫૦ ગીગાવોટ ઉમેરો કર્યો હતો. આમ, ભારત એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ૧૫૪ ગીગાવોટ સુધી પહોંચ્યું હતું.

ભારતની સૌર ઊર્જા ક્ષમતા નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪૪.૬૧ ગીગાવોટ વધી, જે ૩૪ ગીગાવોટના લક્ષ્યાંક સામે હતી. આ નાણાકીય વર્ષ ૨૦૨૫માં સ્થાપિત ૨૩.૮૩ ગીગાવોટના અગાઉના રેકોર્ડ કરતા લગભગ બમણું હતું. ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખે છે. હાલમાં, કુલ સ્થાપિત ક્ષમતાનો અડધો ભાગ, ૨૮૮ ગીગાવોટ, બિન-અશ્મિભૂત સ્ત્રોતોમાંથી આવે છે. આમાં ૫૬ ગીગાવોટ પવન ઊર્જા, ૫૧ ગીગાવોટ મોટા જળવિદ્યુત પ્લાન્ટ, ૮.૮ ગીગાવોટ પરમાણુ ઊર્જા, ૧૧ ગીગાવોટથી વધુ બાયોએનર્જી અને ૫ ગીગાવોટ નાના જળવિદ્યુત પ્લાન્ટ (આ વર્ષે એપ્રિલ સુધીમાં)નો સમાવેશ થાય છે.

## ભારત માટે લાલબત્તી

# દિલ્હીનો પ્રજનન દર ફિનલેન્ડથી પણ નીચે, મસ્કે વ્યક્ત કરી ચિંતા!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭:** વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ ભારતમાં ઘટી રહેલા પ્રજનન દર (Birth Rate) ને લઈને વૈશ્વિક સ્તરે ચિંતા શરૂ થઈ ગઈ છે. દુનિયાના અબજોપતિ કારોબારી અને સ્પેસએક્સ (SpaceX) ના સીઈઓ ઈલોન મસ્કે (Elon Musk) ભારતની ઘટતી વસ્તીના આંકડા પર ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર મીડિયા સંસ્થાના આંકડાઓનો હવાલો આપતા જણાવ્યું છે કે, ભારતમાં જન્મ દર હવે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી રિપ્લેસમેન્ટ લેવલ (Replacement Level) કરતાં પણ નીચે આવી ગયો છે.

> **ભારતમાં જન્મ દર હવે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી રિપ્લેસમેન્ટ લેવલ કરતાં પણ નીચે આવી ગયો છે**

સોશિયલ મીડિયા પર શેર કરાયેલા આંકડા અનુસાર, ભારતના ઈતિહાસમાં પહેલીવાર પ્રજનન દર આટલી ઝડપથી નીચે આવ્યો છે. માત્ર એક જ દાયકામાં દેશનો કુલ પ્રજનન દર ૨.૩ થી ઘટીને ૧.૯ પર આવી ગયો છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે રાજધાની દિલ્હીનો પ્રજનન દર હવે ઘટીને માત્ર ૧.૨ રહી ગયો છે, જે યુરોપના ફિનલેન્ડ દેશ કરતાં પણ ઓછો છે. મસ્કે ઉમેર્યું કે, શિક્ષિત વર્ગમાં તો આ દર ઘણો સમય પહેલાં જ નીચે જતો રહ્યો હતો.




આ અહેવાલમાં ધ ઈકોનોમિસ્ટ માં ૪ જૂનના રોજ પ્રકાશિત થયેલા એક લેખનો સંદર્ભ આપવામાં આવ્યો છે, જેનું શીર્ષક હતું- ભારતની વસ્તી ટૂંક સમયમાં જ ખૂબ ઝડપથી ઘટવા લાગશે. આ ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ (UNFPA)ના રિપોર્ટ અનુસાર, ભારતમાં કુલ પ્રજનન દર પ્રતિ મહિલા ૧.૯ જન્મ સુધી ઘટી ગયો છે. વસ્તીને સ્થિર રાખવા માટે આ દર ૨.૧ હોવો જરૂરી છે, જેને વસ્તી વિજ્ઞાનની ભાષામાં રિપ્લેસમેન્ટ રેટ કહેવાય છે. તેનો સીધો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ હવે એટલી સંખ્યામાં બાળકોને જન્મ નથી આપી રહી, જે એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીનું કદ જાળવી રાખવા માટે પૂરતું હોય.

વર્ષ ૨૦૨૩ માં ચીનને પાછળ છોડીને ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો અને હાલમાં ભારતની વસ્તી ૧.૪૬ અબજથી વધુ છે. જો કે, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં સુધારો થવા છતાં દેશમાં હજુ પણ વ્યાપક અસમાનતાઓ છે. રિપોર્ટમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે ૨૪ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓના વહેલા લગ્ન અને ત્યારબાદ ડિલિવરી દરમિયાન થતા મૃત્યુદર જેવી સમસ્યાઓ હજુ પણ યથાવત છે.

નિષ્ણાતોના મતે, વસ્તીનો આ ઘટતો ગ્રાફ ભવિષ્ય માટે ખતરનાક સંકેત છે. જો આ જ સ્થિતિ રહી તો આગામી સમયમાં ભારતમાં યુવાનોની સંખ્યા ઓછી થઈ જશે અને વૃદ્ધોની વસ્તી નોંધપાત્ર રીતે વધી જશે. આવી સ્થિતિમાં દેશના આર્થિક વિકાસ પર માઠી અસર પડશે, કારણ કે કામ કરનારા યુવા હાથોની અછત સર્જાશે. સાથોસાથ, આટલી મોટી સંખ્યામાં વૃદ્ધોની સંભાળ રાખવા માટે સામાજિક અને તબીબી માળખા પર ભારે દબાણ ઊભું થશે, જેનાથી સામાજિક તાણાવાણામાં અસંતુલન પેદા થઈ શકે છે.

# ૮ જૂન, 'વિશ્વ મહાસાગર દિવસ'






**દ**ર વર્ષે ૮ જૂને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા અધિકૃત રીતે 'વિશ્વ મહાસાગર દિવસ' તરીકે મનાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત ૨૦૦૯થી થઈ છે, આ સંકલ્પની રજૂઆત ૮મી જૂન ૧૯૯૨નાં રોજ 'રિઓ ડી જાનેરો' બ્રાઝીલમાં મળેલ પૃથ્વી સંમેલન (Earth Summit)માં, કેનેડા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ દર વર્ષે આ દિવસને, અનધિકૃત રીતે, 'વિશ્વ મહાસાગર દિવસ' રૂપે મનાવવામાં આવતો હતો. આ દિવસ એ વિશ્વનાં મહાસાગરોનું સન્માન કરવાની તક રૂપે ઉજવવામાં આવે છે, મહાસાગરો દ્વારા પ્રાપ્ત વસ્તુઓ જેમકે સમુદ્રી ભોજન, સમુદ્રી યાતાયાત સુવિધાઓ અને અન્ય કેટલીયે કિંમતી સમુદ્રી જણસોની ઉજવણીરૂપે આ દિવસ મનાવાય છે.

> **વૈશ્વિક પ્રદુષણ અને માછલીઓનાં વધુ પ્રમાણમાં સંહારને કારણે કેટલીય સમુદ્રી પ્રજાતિઓ વિનાશનાં આરે પહોંચી ગયેલ છે, જેનાથી સમુદ્રને બચાવવા માટેનાં પ્રયત્નો કરવા જરૂરી**

વૈશ્વિક પ્રદુષણ અને માછલીઓનાં વધુ પ્રમાણમાં સંહારને કારણે કેટલીય સમુદ્રી પ્રજાતિઓ વિનાશનાં આરે પહોંચી ગયેલ છે. જેનાથી સમુદ્રને બચાવવા માટેનાં પ્રયત્નો કરવા જરૂરી છે. પૃથ્વીનાં બે તૃતિયાંશ ભાગમાં પાણી હોવા છતાં અહીં શુદ્ધ પાણીનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. વાયુ અને જળ જ પૃથ્વી પર જીવનનો આધાર છે. સમુદ્રથી ઘેરાયા હોવાને કારણે પૃથ્વીને 'વોટર પ્લેનેટ' પણ કહેવામાં આવે છે, પરંતુ હવે તેનું અસ્તિત્વ જોખમમાં છે. મહાસાગર ખાદ્ય સુરક્ષા, જૈવ વિવિધતા, પરિસ્થિતિ સંતુલન જેવી ચીજવસ્તુઓમાં પોતાની મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. દેશોનાં વિકાસ સાથે જ મહાસાગરોનું પ્રદૂષણ પણ ઝડપથી વધી રહ્યું છે. મહાસાગરોમાં વધતા પ્લાસ્ટિક પ્રદૂષણનાં કારણે મહાસાગર ધીમે-ધીમે ગંદા થઈ રહ્યા છે. તેનાથી દરિયાઈ જીવોનાં સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર પડે છે. તેઓ ભૂલથી પ્લાસ્ટિકને પોતાનું ભોજન સમજી લે છે જે તેમના માટે જીવલેણ નીવડે છે. દુનિયાની લગભગ ૩૦ ટકા વસતી દરિયા કિનારાનાં વિસ્તારમાં રહે છે અને તેમનું જનજીવન સમગ્રપણે સમુદ્ર પર નિર્ભર છે. આ ઉપરાંત વિશ્વનાં કેટલાય દેશની અર્થવ્યવસ્થાને પણ વેગ પ્રદાન કરવામાં મહાસાગરનું મોટું યોગદાન હોય છે.

વિશાળ મહાસાગરથી પેટ્રોલિયમની સાથે જે અનેક સંસાધનો પણ પ્રાપ્ત થાય છે. વાતાવરણમાં થતા ફેરફાર અને જળવાયુ પરિવર્તનની માહિતી આપવામાં પણ મહાસાગરનું મહત્ત્વનું યોગદાન હોય છે, એટલા માટે તેનું સંરક્ષણ કરવું તે આપણા દરેકની જવાબદારી છે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ભાજપ સરકાર સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહી છે અને આ નાણાંથી માત્ર અમુક મૂડીપતિઓને જ ફાયદો કરાવવામાં આવી રહ્યો છે : કોંગ્રેસ

## સામાન્ય પરિવારોના મુખ્ય અને રોજિંદા ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં ૫૦ ટકાથી લઈને ૯૫ ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી ગરીબ અને મધ્યમ વર્ગ માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બનાવી દીધું..!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

દેશમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. અચ્છે દિનનો વાયદો કરીને સત્તા પર આવેલી ભાજપ સરકારના શાસનમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગ અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયો છે તેવો આકરો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

કોંગ્રેસે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, ભાજપ સરકાર સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહી છે અને આ નાણાંથી માત્ર અમુક મૂડીપતિઓને જ ફાયદો કરાવવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૪ની સરખામણીએ આજે વર્ષ ૨૦૨૬માં જીવનજરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ તેમજ ઈંધણના ભાવો બે ગણાથી લઈને ત્રણ ગણા સુધી વધી ગયા છે.

આ ચિંતાજનક ભાવવધારો જ દર્શાવે છે કે સરકાર આર્થિક મોરચે અને મોંઘવારી અંકુશમાં લેવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. હાલમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને આંતરરાષ્ટ્રીય બહાના હેઠળ સરકાર પોતાની જવાબદારીઓમાંથી છટકી રહી છે. જનતાને વાસ્તવિક રાહત આપવાના બદલે જીવનજરૂરી વસ્તુઓ પર ભાવ નિયંત્રણ લાવવાની મોટી મોટી વાતો માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે. સામાન્ય પરિવારોના મુખ્ય અને રોજિંદા ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં ૫૦ ટકાથી લઈને ૯૫ ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગ માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

# સરકાર સામે કોંગ્રેસનું હલ્લાબોલ, દેશભરમાં જનઆંદોલનનું એલાન

## દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો અને લઘુમતીઓ પર વધી રહેલા અત્યાચારોને લઈને જનઆંદોલનનું એલાન : ૨૦ જુલાઈએ જંતર-મંતરમાં દેખાવોઃ જ્યારે જૂનના ત્રીજા અઠવાડિયામાં ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં બંને વિભાગોની એક મોટી સંયુક્ત બેઠક યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

કોંગ્રેસ પાર્ટીએ દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગોઅને લઘુમતીઓ પર વધી રહેલા અત્યાચારોને લઈને મોદી સરકાર વિરુદ્ધ દેશભરમાં જનઆંદોલનનું એલાન કર્યું છે. તેવામાં ભારતીય યુવા કોંગ્રેસ પહેલાથી જ દ્વઈઈ પેપર લીકને લઈને દેશભરમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આનો અર્થ એ છે કે, કોંગ્રેસ એક સાથે બે મુખ્ય મુદ્દાઓ પર રસ્તા પર ઉતરવાની તૈયારી કરી રહ્યું છે.

દિલ્હીમાં બે મુખ્ય કોંગ્રેસના વિભાગો અનુસૂચિત જાતિ વિભાગ અને લઘુમતી વિભાગની એક સંયુક્ત બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, આ બંને વિભાગો ભાજપ સરકાર હેઠળ સમાજના નબળા વર્ગો સાથે થઈ રહેલા અન્યાય સામે સંયુક્ત રીતે દેશભરમાં અવાજ ઉઠાવશે. આ બેઠક બાદ કોંગ્રેસ મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં લઘુમતી વિભાગના અધ્યક્ષ ઈમરાન પ્રતાપગઢી અને અનુસૂચિત જાતિ વિભાગના અધ્યક્ષ રાજેન્દ્ર પાલ ગૌતમે મોદી સરકાર પર અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

બંને નેતાઓએ જાહેરાત કરી કે, આગામી ૨૦ જુલાઈના રોજ દિલ્હીના જંતર-મંતર ખાતે મોટાપાયે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જેમાં દેશભરના દલિત અને લઘુમતી સમુદાયોના સંસદસભ્યો, ધારાસભ્યો અને અન્ય જનપ્રતિનિધિઓ ભાગ લેશે. જ્યારે જૂનના ત્રીજા અઠવાડિયામાં ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં બંને વિભાગોની એક મોટી સંયુક્ત બેઠક યોજાશે. પછી આ અભિયાનને અન્ય રાજ્યોમાં પણ વિસ્તૃત કરવામાં આવશે. આમ માત્ર મોટા શહેરોમાં જ નહીં, પરંતુ જિલ્લા અને પાયાના સ્તરે પણ અભિયાન ચલાવાશે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, દેશમાં જ્યાં પણ કોઈ સંવેદનશીલ વ્યક્તિ પર અત્યાચાર થાય છે, ત્યાં બંને વિભાગોના નેતાઓ તેમને ટેકો આપવા માટે સાથે ઉભા રહેશે. જરૂર પડશે તો પીડિતોને કાનૂની સહાય, સામાજિક સહાય અને વહીવટી સહાય પૂરી પાડવામાં આવશે. ઈમરાન પ્રતાપગઢીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ઈચ્છે છે કે દેશના ગરીબ, હાંસિયામાં ધકેલાયેલા અને નબળા લોકો મનમાં એ વિશ્વાસ રાખે કે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા ઘડવામાં આવેલુ બંધારણ બધાને સમાન અધિકારો અને ન્યાયની ખાતરી આપે છે. રાજેન્દ્ર પાલ ગૌતમે જણાવ્યું હતું કે, આ અભિયાનમાં ફક્ત દલિતો અને લઘુમતીઓને જ નહીં, પરંતુ આદિવાસી સમુદાય, ઓબીસી સમુદાય, અત્યંત પછાત વર્ગોઅને સામાન્ય વર્ગના ગરીબોને પણ સામેલ કરવામાં આવશે. જેનો મુખ્ય ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે, આ બધા સમુદાયોના અવાજને દબાવવામાં ન આવે.

# કોકરોચ જનતા પાર્ટીને અનેક બોલિવૂડ સેલેબ્સનું સમર્થનઃ અભિનેત્રીએ કહ્યું - અમે તમારી સાથે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

સોશિયલ મીડિયા પર અત્યંત લોકપ્રિય બનેલી કોકરોચ જનતા પાર્ટી દ્વારા આજે ૬ જૂનના રોજ દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે એક વિશાળ અને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખા પ્રદર્શન માટે દિલ્હી પોલીસ તરફથી પણ મંજૂરી મળી ચૂકી છે. આ આંદોલન મુખ્યત્વે NEET પેપર લીક મુદ્દે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે કરવામાં આવી રહ્યું છે. દેશના યુવાનો દ્વારા ચલાવવામાં આવી રહેલા આ અનોખા આંદોલનમાં હવે બોલિવૂડ સેલેબ્સ પણ કૂદી પડ્યા છે અને દેશના યુવાનોને ખુલ્લેઆમ સપોર્ટ કરી રહ્યા છે.

બોલિવૂડની જાણીતી અભિનેત્રી રિચા ચઢ્ઢાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક લાંબી પોસ્ટ શેર કરીને કોકરોચ જનતા પાર્ટીને સમર્થન આપ્યું છે. અભિનેત્રીએ લખ્યું કે, હું અત્યારે ઓકલૅન્ડમાં છું, જ્યાં દુનિયાની સૌથી શુદ્ધ હવા છે. પરંતુ મારું મન દિલ્હીમાં છે.

## ડાયનાસોર ખતમ થઈ ગયા પણ કોકરોચ બચી ગયા, બોલિવૂડ અભિનેત્રી રિચા ચઢ્ઢાની પોસ્ટ વાઈરલ

મારી વહાલી દિલ્હી- મારા બાળપણ, સ્કૂલ અને કૉલેજનું શહેર... હું મારા દેશના યુવાનોને પ્રેમ મોકલી રહી છું. આશા છે કે તમે દેખાડાના દેશભક્ત બનવાના બદલે સાચા દેશભક્ત બનશો. તમે દયાળુ, શાંત અને સમજદાર બનો. હું દિલથી તમારી સાથે છું.

વધુમાં રિચા ચઢ્ઢાએ એક રસપ્રદ નોંધ (PS) લખતા ઉમેર્યું કે, યાદ રાખજો, જ્યારે પૃથ્વી પર ઉલ્કાપિંડ ટકરાયો ત્યારે મોટા-મોટા ડાયનાસોર તો ખતમ થઈ ગયા, પરંતુ કોકરોચ બચી ગયા હતા અને તેઓ તેમના કરતાં વધુ સમય સુધી ટકી રહ્યા.

બીજી તરફ, દિગ્ગજ અભિનેતા અતુલ કુલકર્ણીએ પણ સોશિયલ મીડિયા પર યુવાનોના આ પ્રદર્શનને સમર્થન આપવાની સાથે એક ભાવુક પોસ્ટ લખીને માફી માંગી છે. તેમણે લખ્યું કે, પ્રિય યુવાન નાગરિકો.. તમે જ્યારે અવાજ ઉઠાવવા અને પોતાના નિર્ણયોને મહત્ત્વના બનાવવા માટે તૈયાર થઈ રહ્યા છો, ત્યારે મને તમારી પાસેથી ઘણી આશાઓ છે. મારી પેઢીએ અને મારી પહેલા તથા પછીની પેઢીઓએ હંમેશા પોતાની જવાબદારીઓ પૂરી કરી નથી. અમે ભૂલો કરી છે અને એવા પડકારો પાછળ છોડ્યા છે જે હવે તમને વારસામાં મળ્યા છે. આ બદલ હું તમારી માફી માંગુ છું. ઈશ્વર કરે તમે ઈમાનદારી સાથે આ દેશને એક નવું સ્વરૂપ આપો. તમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

આ આખું આંદોલન દ્વઈઈ પરીક્ષાના પેપર લીક થવાના મુદ્દે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ માટે થઈ રહ્યું છે. જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીના આ વિરોધ પ્રદર્શનની ગંભીરતાને જોતાં નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે અને ૧,૦૦૦થી વધુ પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

બિગબોસ-૧૯ની કન્ટેસ્ટન્ટ અને બોલિવૂડ એક્ટ્રેસ કુનિકા સદાનંદ તેમજ જાણીતા અભિનેતા પ્રકાશ રાજે પણ દેશના યુવા કોકરોચોને આ CJPના વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

તેમણે આ મુદ્દે જણાવ્યું કે, કોકરોચ જનતા પાર્ટીએ એવા મુદ્દાઓ ઉઠાવ્યા છે જેની અત્યાર સુધી કોઈ સુનાવણી થતી નહોતી. જ્યારે સામાન્ય લોકોનો અવાજ સાંભળવામાં ન આવે, ત્યારે તેમણે આવા અનોખા રસ્તાઓ અપનાવવા જ પડે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### BCCI એ નિયમમાં કર્યો ફેરફાર

## સચિન તેંડુલકરની જેમ વૈભવ સૂર્યવંશીને પણ મળી ખાસ મંજૂરી

**ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડના આગામી પ્રવાસ પર વૈભવ સૂર્યવંશીના માતા-પિતા પણ ટીમ ઈન્ડિયા સાથે યાત્રા કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭ :** આઈપીએલ ૨૦૨૬મા રાજસ્થાન રોયલ્સ માટે શાનદાર બેટિંગ કરનાર યુવા બેટર વૈભવ સૂર્યવંશીને ભારતીય ટી૨૦ ટીમમાં સામેલ કરી લેવામાં આવ્યો છે. આટલી નાની ઉંમરમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર મળેલી સફળતા વચ્ચે ભારતીય ક્રિકેટ બોર્ડે એક સંવેદનશીલ નિર્ણય લીધો છે. ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડના આગામી પ્રવાસ પર વૈભવ સૂર્યવંશીની સાથે બે ખાસ વ્યક્તિ પણ ટીમ ઈન્ડિયાની સાથે યાત્રા કરશે.

વૈભવ સૂર્યવંશી આ સમયે ઉંમરમાં નાનો છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં અચાનક મળેલી લોકપ્રિયતા, મીડિયા અટેન્શન અને સીનિયર ટીમના મોટા દબાવને સંભાળવો કોઈપણ બાળક માટે માનસિક રૂપે પડકારજનક હોઈ શકે છે. તેવામાં બીસીસીઆઈએ નિર્ણય લીધો છે કે ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડના આગામી પ્રવાસ પર વૈભવ સૂર્યવંશીના માતા-પિતા પણ ટીમ ઈન્ડિયા સાથે યાત્રા કરશે. વિદેશી પ્રવાસ પર માતા-પિતાની હાજરીથી વૈભવને ઘરેલું માહોલ મળશે અને તેને એકલતાનો અનુભવ થશે નહીં. તો વિદેશી પ્રવાસની નવી પરિસ્થિતિમાં ઢળવામાં મદદ મળશે.

આજ પ્રકારે જ્યારે સચિન તેંડુલકર ૧૯૮૯મા ભારત માટે પોતાનું પદાર્પણ કરવા પાકિસ્તાન ગયા હતા તો તેમના મોટા ભાઈ અજીત તેની સાથે ગયા. ત્યારે સચિનની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. તેવામાં વૈભવ સૂર્યવંશી માટે પણ બીસીસીઆઈએ મોટો નિર્ણય કર્યો છે. બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું 'તે હજુ બાળક છે, તેથી અમે તેના માતા-પિતાને તેની સાથે ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ જવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે, જેથી તે તેની સાથે રહી શકે અને તેને નવા માહોલમાં ઢળવામાં મદદ કરી શકે. બોર્ડ તેનો બધો ખર્ચ ઉઠાવશે.'

મહત્વનું છે કે, ભારતીય ક્રિકેટ બોર્ડે વિદેશી પ્રવાસ અને લાંબી ટૂર્નામેન્ટ માટે પરિવારની હાજરીને લઈને કડક નિયમ લાગૂ કર્યા છે. ખેલાડી સંપૂર્ણ પ્રવાસ દરમિયાન પોતાના પરિવાર કે પત્નીને સાથે ન રાખી શકે. જો કોઈ સિરીઝ કે ટૂર્નામેન્ટ ૪૫ દિવસથી લાંબી છે, તો પરિવારના સભ્યો ખેલાડી સાથે માત્ર ૧૪ દિવસ સુધી રહી શકે છે. પરંતુ વૈભવ માટે આ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

વૈભવ સૂર્યવંશીની ૧૫ વર્ષ ૭૧ દિવસની ઉંમરમાં ભારતીય ટીમમાં પસંદગી થઈ છે. જો તેને પ્લેઈંગ ઈલેવનમાં તક મળશે તો તે સૌથી નાની ઉંમરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર ભારતીય ક્રિકેટર બની જશે. તેની પહેલા જ્યારે સચિનને પસંદ કરવામાં આવ્યો તો તેની ઉંમર ૧૬ વર્ષ ૧૯૪ દિવસ હતી. સચિને પોતાના પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રવાસમાં પદાર્પણ કરી લીધું હતું. હવે વૈભવને આવી તક મળી શકે છે.

## T20 માટે ટીમ ઈન્ડિયાની જાહેરાતઃ શ્રેયસ અય્યર કેપ્ટન

**મુંબઈ હેડક્વાર્ટરમાં મળેલી મહત્ત્વની બેઠક બાદ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૭ :** ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(BCCI)ની મેન્સ સેલેક્શન પેનલ દ્વારા આજે મુંબઈ હેડક્વાર્ટરમાં મળેલી મહત્ત્વની બેઠક બાદ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રવાસ પહેલા ભારતીય T20 ક્રિકેટમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવને કેપ્ટનશીપ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમના સ્થાને મધ્યમ ક્રમના બેટર શ્રેયસ અય્યરને ભારતીય T20 ટીમની કમાન સોંપવામાં આવી છે.

અહેવાલો અનુસાર, BCCIની એપેક્સ કાઉન્સિલ કમિટીની બેઠકમાં સૂર્યકુમાર યાદવને કેપ્ટન પદ પરથી દૂર કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેની આજે જાહેરાત પણ કરી દેવામાં આવી છે. સૂર્યાના સ્થાને હવે શ્રેયસ અય્યર ભારતીય T20 ટીમના નવા સુકાની તરીકે જવાબદારી સંભાળશે. આ પ્રવાસમાં યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ભારતીય સિનિયર ટીમમાં સ્થાન મળ્યું છે. આયર્લેન્ડ સામેની શ્રેણી માટે આ યુવા સ્ટારને ટીમમાં સામેલ કરીને સેલેક્ટર્સે ભવિષ્યના સંકેતો આપી દીધા છે.

**આયર્લેન્ડ સામેની T20I શ્રેણી માટેની ભારતીય ટીમ :-** શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી.

**ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી માટેની ટીમ :-** શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી.

**એશિયન ગેમ્સ માટેની ભારતીય ટીમ :-** શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, જસપ્રિત બુમરાહ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી.

**ભારત અને આયર્લેન્ડ વચ્ચેની મેચનું શેડ્યુલ**

- પહેલી T20I: ૨૬મી જૂન, બેલફાસ્ટ
- બીજી T20I: ૨૮મી જૂન, બેલફાસ્ટ

**ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચનું શેડ્યુલ**

- પહેલી જુલાઈ: પહેલી T20I:, ચેસ્ટર-લે-સ્ટ્રીટ
- ચોથી જુલાઈ: બીજી T20I:, માન્ચેસ્ટર
- સાતમી જુલાઈ: ત્રીજી T20I:, નોટિંગહામ
- નવમી જુલાઈ: ચોથી T20I:, બ્રિસ્ટોલ
- ૧૧મી જુલાઈ: પાંચમી T20I:, સાઉથમ્પ્ટન
- ૧૪મી જુલાઈ: પહેલી ODI, બર્મિંગહામ
- ૧૬મી જુલાઈ: બીજી ODI, કાર્ડિફ
- ૧૯મી જુલાઈ: ત્રીજી ODI, લોર્ડ્સ

### સૂર્યકુમારની EXITનું અજિત અગરકરે જણાવ્યું કારણ

## સૂર્યકુમારનું હાલનું ફોર્મ પણ આ નિર્ણય પાછળનું એક કારણ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૭ :** આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની T20 સીરીઝની સાથે-સાથે એશિયન ગેમ્સ માટે આજે ભારતીય ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ટીમોની કમાન સ્ટાર બેટર શ્રેયસ અય્યરને સોંપવામાં આવી છે, જ્યારે તિલક વર્માને ટીમનો વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ ટીમ સિલેક્શનમાં સૌથી મોટો ધમાકો ૧૫ વર્ષના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને લઈને થયો છે, જેને પહેલીવાર સીનિયર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. બીજી તરફ, સૂર્યકુમાર યાદવ પાસેથી માત્ર T20ની કેપ્ટનશિપ જ નથી છીનવાઈ, પરંતુ તેને ટીમમાંથી પણ બહાર કરી દેવામાં આવ્યો છે.

સૂર્યકુમાર યાદવને કેપ્ટન પદ પરથી હટાવવાના આ મોટા નિર્ણય અંગે ચીફ સિલેક્ટર અજીત અગરકરે જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં અમે શ્રેયસની કેપ્ટનશિપને ખૂબ નજીકથી જોઈ છે. તેણે અલગ-અલગ ફ્રેન્ચાઈઝીનું સફળ નેતૃત્વ કર્યું છે. તાજેતરમાં જ તેણે પોતાની ટીમને ખિતાબ પણ અપાવ્યો છે અને વ્યક્તિગત રીતે તેનું પ્રદર્શન શાનદાર રહ્યું છે.

આ અંગે અગરકરે વધુમાં કહ્યું કે, શ્રેયસ વર્લ્ડ કપ ટીમમાં સામેલ થવાની ખૂબ નજીક હતો અને મારી નજરમાં કેપ્ટનશિપ માટે તે સૌથી મજબૂત દાવેદાર હતો. જ્યાં સુધી સૂર્યકુમાર યાદવની વાત છે, આ નિર્ણય લેવો સરળ નહોતો. તેનું હાલનું ફોર્મ પણ આ નિર્ણય પાછળનું એક કારણ છે. આ સાથે જ અમે આગામી ૨ વર્ષના રોડમેપ અને ટીમના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. અમને લાગ્યું કે આગળ વધવા માટે આ જ સૌથી શ્રેષ્ઠ રસ્તો છે.

સૂર્યકુમાર યાદવનો કેપ્ટન તરીકેનો રેકોર્ડ અદ્ભુત રહ્યો છે, છતાં તેને બહાર થવું પડ્યું છે. સૂર્યાના નેતૃત્વમાં ભારતે T20 ક્રિકેટમાં યાદગાર જીત નોંધાવી છે. તેમણે કુલ ૫૨ T20 ઈન્ટરનેશનલ મેચમાં ભારતની કપ્તાની કરી, જેમાંથી ટીમે ૪૦ મેચમાં જીત મેળવી અને માત્ર ૮ મેચ હારી હતી. જ્યારે ૨ મેચ ટાઈ રહી હતી અને ૨ મેચનું કોઈ પરિણામ આવ્યું નહોતું. સૂર્યાની કેપ્ટનશિપમાં ભારત એક પણ સીરીઝ હાર્યું નથી અને તેમના અંડર જ ભારતે એશિયા કપ ૨૦૨૫ તેમજ આ વર્ષનો T20 વર્લ્ડ કપ પોતાના નામે કર્યો હતો.

કેપ્ટન તરીકે સૂર્યાની જીતની ટકાવારી ૭૬.૯૬% રહી હતી.

# ઘરેલુ LPG ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો

**એલપીજી ગેસ સિલિન્ડરનો ભાવ ૯૧૩ રૂપિયાથી વધીને હવે ૯૪૨ રૂપિયા થઈ ગયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

દેશની રાજધાની દિલ્હીમાં સામાન્ય નાગરિકોના બજેટને ખોરવતા માઠા સમાચાર સામે આવ્યા છે. સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, ૭ જૂનથી દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામવાળા ઘરેલું એલપીજી (LPG) સિલિન્ડરની કિંમતમાં મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. ગેસ સિલિન્ડરનો ભાવ ૯૧૩ રૂપિયાથી વધીને હવે ૯૪૨ રૂપિયા થઈ ગયો છે, એટલે કે સીધો ૨૯ રૂપિયાનો વધારો નોંધાયો છે.

દિલ્હી-NCRમાં ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG ગેસ સિલિન્ડરનો ભાવ હવે ૯૪૨ રૂપિયા પર પહોંચી ગયો છે. ૫ કિલોગ્રામના સિલિન્ડરનો ભાવ ૩૩૯ રૂપિયા છે. વધુમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૩,૧૧૩ રૂપિયા પર યથાવત છે. છેલ્લા ત્રણ મહિનામાં LPG સિલિન્ડરના ભાવમાં આ બીજો વધારો છે. અગાઉ ૭ માર્ચના રોજ ૬૦ રૂપિયાનો વધારો કરાયો હતો. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને વૈશ્વિક ઊર્જા બજારમાં ઉથલપાથલને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈંધણના ભાવમાં વધારો થયો હતો.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારા સાથે LPG ઘરેલુ સિલિન્ડરના ભાવમાં પણ વધારો થવાની અટકળો શરૂ થઈ ગઈ હતી. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન યુદ્ધને કારણે પુરવઠામાં વિક્ષેપ પડ્યો હોવા છતાં ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો. સરકારે ૧ મેના રોજ કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો હતો. કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૯૯૩ અને ૫ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં ૨૬૧નો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧ જૂનના રોજ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૪૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

LPG ગેસ સિલિન્ડરના પુરવઠા અંગે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે. કટોકટી છતાં કોઈપણ રિટેલ ગેસ એજન્સીએ ગેસની અછતની જાણ કરી નથી. મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે, LPG ગેસ સિલિન્ડરના સંગ્રહ અને કાળાબજારને રોકવા માટે દેશભરમાં સતત કાર્યવાહી ચાલી રહી છે.

સરકારનું કહેવું છે કે, હોર્મુઝ સ્ટ્રેટ કટોકટી છતાં દેશભરમાં પેટ્રોલિયમ ઉત્પાદનો અને LPGની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. વધુમાં બધી રિફાઈનરીઓ ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે અને તેમના પાસે પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઈલનો ભંડાર છે. રિફાઈનરીઓમાં સ્થાનિક LPG ઉત્પાદનમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

સરકારે ઓનલાઈન બુકિંગ અંગે એક નિવેદન પણ જાહેર કર્યું છે. સરકારનું કહેવું છે કે, રસોઈ ગેસનું ઓનલાઈન બુકિંગ ૯૯ ટકા સુધી વધી ગયું છે. વિતરક સ્તરે ગેસની ઉચાપત અટકાવવા માટે ગ્રાહકોના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલવામાં આવતા પ્રમાણીકરણ કોડના આધારે ૯૫ ટકા ડિલિવરી કરવામાં આવી રહી છે. આ અગાઉ ૭ માર્ચના રોજ પણ પ્રતિ સિલિન્ડર ૬૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા) માં ચાલી રહેલા તણાવ અને સંઘર્ષને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય ખોરવાઈ ગઈ હતી અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવ આકાશે આંબ્યા હતા. ઉદ્યોગ જગતના સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ કરાયેલા ભાવવધારાથી ઓઈલ કંપનીઓના નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ થઈ શકી હતી. આ તાજેતરના ફેરફાર પહેલા સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વેચાતા દરેક LPG સિલિન્ડર પર અંદાજે ૭૦૩ રૂપિયાનું મોટું નુકસાન થઈ રહ્યું હતું.

નોંધનીય છે કે, આ જ મહિનાની ૧લી જૂને ૧૯ કિલોગ્રામવાળા કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ મોટો વધારો કરાયો હતો. દિલ્હીમાં કમર્શિયલ સિલિન્ડર ૪૨ રૂપિયા મોંઘો થઈને ૩૧૧૩.૫૦ રૂપિયા અને કોલકાતામાં ૫૩.૨૦ રૂપિયાના વધારા સાથે ૩૨૫૫.૫૦ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો છે. આ ઉપરાંત, નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકો દ્વારા વપરાતા ૫ કિલોગ્રામના એફટીએલ (FTL) સિલિન્ડરના ભાવમાં પણ ૧૧ રૂપિયાનો ઈજાફો કરાયો છે.

ઈંધણના ભાવોમાં આ વધારો માત્ર ગેસ સિલિન્ડર પૂરતો સીમિત નથી. મે મહિનાથી અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કુલ મળીને ૭.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. જ્યારે કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) ના દરોમાં પણ આશરે ૬ રૂપિયા પ્રતિ કિલોગ્રામનો વધારો થઈ ચૂક્યો છે.

આટલા ભાવવધારા છતાં, ઈન્ડસ્ટ્રીના સૂત્રોનું કહેવું છે કે, સરકારી ઓઈલ કંપનીઓ હજુ પણ પેટ્રોલ અને ડીઝલને તેની મૂળ પડતર કિંમત કરતાં સસ્તા ભાવે વેચી રહી છે. હાલની સ્થિતિએ કંપનીઓને પેટ્રોલ પર અંદાજે ૧૧ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર ૩૩.૬ રૂપિયા પ્રતિ લીટરનું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

## ઈરાકના ફૂટબોલરને અમેરિકાએ એરપોર્ટ પર ડિટેઈન કરી લીધો

**ઇરાકના સ્ટાર સ્ટ્રાઈકર આયમેન હુસૈનની અટકાયત કરવામાં આવી હતી અને પૂછપરછ કરવામાં આવી હતીઃ સાત કલાક બાદ છોડ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શિકાગો, તા.૦૭**

ફિફા વર્લ્ડ કપ પહેલા અમેરિકામાં એક નવો વિવાદ ફાટી નીકળ્યો છે. ઈરાકના સ્ટાર સ્ટ્રાઈકર આયમેન હુસૈનની અટકાયત કરવામાં આવી હતી અને લગભગ સાત કલાક સુધી એરપોર્ટ પર પૂછપરછ કરવામાં આવી હતી. આયમેન હુસૈન ઈરાનને મહત્વનો ફૂટબોલર છે અને તેના ગોલથી ઈરાન વર્લ્ડકપમાં સ્થાન મેળવી શક્યું હતું. તેને શનિવારે વહેલી સવારે શિકાગો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અટકાયતમાં લીધા બાદ આખરે અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી.

ઈરાકી રાષ્ટ્રીય ટીમના ફોટોગ્રાફર તલાલ સલાહને પણ ૧૦ કલાકથી વધુ સમય સુધી અટકાયતમાં રાખ્યા બાદ પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

ઈરાકી ઓલિમ્પિક સમિતિના એક અધિકારી અને રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ સાથે નજીકથી સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે, લાંબી પૂછપરછ દરમિયાન હુસૈનના ફોનની પણ તપાસ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય ટીમના ફોટોગ્રાફર તલાલ સલાહને ૧૦ કલાકથી વધુ સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તેમના ફોનની પણ આવી જ તપાસ કરવામાં આવી હતી અને અંતે તેમને અમેરિકામાં પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો."

આ ઘટના અંગે ઈરાકી ફૂટબોલ એસોસિએશન તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી, જ્યારે યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ પણ અટકાયતના અહેવાલો પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી. આ વર્ષે ફિફા વર્લ્ડ કપનું આયોજન અમેરિકા, કેનેડા અને મેક્સિકો સંયુક્ત રીતે કરી રહ્યા છે. ઈરાક ચાર દાયકામાં પ્રથમ વખત વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યું છે. ટીમનું નેતૃત્વ ૩૦ વર્ષીય હુસૈન કરશે તેની સાથે ઈપ્સવિચ ટાઉનનો ફોરવર્ડ અલી અલ-હમાદી અને યુવા ખેલાડીઓ અલી જસીમ અને યુસેફ અમીન પણ હશે.

૨૦૨૬ ફિફા વર્લ્ડ કપનું કાઉન્ટડાઉન ચાલી રહ્યું છે. તે ૧૨ જૂનથી અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં શરૂ થશે. આ સમયગાળા દરમિયાન ૪૮ ટીમો ટ્રોફી માટે સ્પર્ધા કરશે. જ્યારે આર્જેન્ટિના ડિફેન્ડિંગ ચેમ્પિયન છે ત્યારે ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સ્પેન અને પોર્ટુગલને મજબૂત દાવેદાર માનવામાં આવે છે. જર્મની અને બ્રાઝિલ પણ બધાને આશ્ચર્યચકિત કરી શકે છે અને ટ્રોફી જીતી શકે છે.

## બાંગ્લાદેશીઓનો ઘૂસણખોરીનો પ્રયાસ બીએસએફએ સરહદે સુરક્ષા વધારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૭**

ભારત-બાંગ્લાદેશ સરહદે થોડા સમય માટે તંગદીલી જેવો માહોલ સર્જાયો હતો, બાંગ્લાદેશીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો જોકે તાત્કાલીક બીએસએફના જવાનો એલર્ટ થઇ જતા સ્થિતિ કાબુમાં લઇ શકાઇ હતી. કૂચવિહાર જિલ્લાના મેખલીગંજ બ્લોકમાં આ ઘટના સામે આવી હતી. અચાનક મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ ભારતની સરહદ પાસે એકઠા થવા લાગ્યા હતા.

ભારત અને બાંગ્લાદેશ સરહદની કેટલીક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે જેમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ સરહદ પાસે જોવા મળ્યા હતા. એક બાદ એક અનેક બાંગ્લાદેશીઓ એકઠા થઇ ગયા હતા, તેઓ ઘૂસણખોરી કરવા માગતા હતા કે કેમ તેને લઇને અનેક સવાલો ઉઠી રહ્યા છે. જોકે જેવા તેઓ એકઠા થતા ગયા કે તુરંત જ બોર્ડર સિક્યોરિટી ફોર્સ બીએસએફ પણ એલર્ટ થઇ ગયું અને સરહદે જવાનોની તૈનાતી વધારી દેવામાં આવી હતી. આ દરમિયાન ૧૦ બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા ઘૂસવા પ્રયાસ થયો હતો જેને નિષ્ફળ બનાવાયો હતો.

બીજી તરફ હાલમાં પશ્ચિમ બંગાળમાંથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો સરહદે પહોંચી રહ્યા છે અને તેઓ પરત બાંગ્લાદેશમાં પ્રવેશવા પ્રયાસ કરી રહ્યા છે. એવામાં બાંગ્લાદેશ પણ તેઓને હવે સ્વીકારવા તૈયાર નથી અને દાવો કરી રહ્યું છે કે ભારત બાંગ્લાદેશમાં ઘૂસણખોરી કરાવી રહ્યું છે.

બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ જીબીજીએ દાવો કર્યો છે કે, ભારતના સુરક્ષા દળ બીએસએફ દ્વારા શુક્રવારે સવારે બાંગ્લાદેશી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકોને ઘૂસાડવા પ્રયાસ કર્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં લાલમોનિરહાટ, પંચગઢ, નૌગાંવ વગેરે ક્ષેત્રોમાં લોકોને ઘૂસાડવા પ્રયાસ થયો હતો તેવો દાવો બાંગ્લાદેશ કર્યો છે જેને બીએસએફ અને ભારત દ્વારા ફગાવાયો હતો.

## 'ગર્વ હૈ' એથ્લીટ પ્રજ્ઞાનંધ નોર્વે ચેસમાં પ્રથમ ભારતીય ચેમ્પિયન બન્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૭**

અદાણી સ્પોર્ટ્સલાઈનના "ગર્વ હૈ" એથ્લીટ પ્રજ્ઞાનંધએ ઓસ્લોમાં શાનદાર પ્રદર્શન બાદ નોર્વે ચેસમાં પ્રથમ ભારતીય ચેમ્પિયન બનીને ઈતિહાસ રચ્યો છે.

૨૦ વર્ષીય આ ગ્રાન્ડમાસ્ટરે વિશ્વના નંબર ૧ મેગ્નસ કાર્લસન, વર્તમાન વિશ્વ ચેમ્પિયન ગુકેશ ડી, અલીરેઝા ફિરોઝા, વેસ્લી સો અને વિન્સેન્ટ કીમરની હરોળથી આગળ રહીને અંતિમ સ્થાન મેળવ્યું છે. આ દરમિયાન, તેણે કાર્લસનને બે વાર પરાજીત કર્યા છે અને ગુકેશ પર એક મહત્વપૂર્ણ ક્લાસિકલ વિજય મેળવી ચેસની સૌથી પ્રખ્યાત ટ્રોફી જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.

ટાઈટલ માટેની દાવેદારીમાં અંતિમ રાઉન્ડમાં પ્રવેશતા પ્રજ્ઞાનંધએ આર્માગેડન ટાઈબ્રેકમાં જીત મેળવતા પહેલા સાથી ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગાઈસીને ડ્રો પર અટકાવવાના કારણે અન્ય પરિણામો સાથે મળીને સ્ટેન્ડિંગમાં ટોચ પર પોતાનું સ્થાન સુરક્ષિત કરીને ભારતીય ચેસ માટે એક સીમાચિહ્નરૂપ વિજય હાંસલ કર્યો છે.

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ પ્રજ્ઞાનંદને નોર્વે ચેસ જીતનાર પ્રથમ ભારતીય બનવા બદલ અભિનંદન પાઠવતા તેમણે પ્રજ્ઞાનંધની આ સિદ્ધિને ચેસની દુનિયામાં સહનશીલતા, બુદ્ધિ અને સ્વભાવની અંતિમ કસોટીઓમાંની એક ગણાવી હતી. પ્રજ્ઞાનંધાની ચેસની કારકિર્દીની યાત્રા અને તેના અસાધારણ કમિટમેન્ટને શરૂઆતમાં જ પારખના અદાણીએ અદાણી સ્પોર્ટ્સલાઈનના "ગર્વ હૈ"ની પહેલ દ્વારા તેમને સહાયકની ભૂમિકાના રૂપમાં સમર્થન આપતા નોંધ્યું હતું કે રમતના સૌથી ભવ્ય તબક્કામાંના એક પર વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને પરાજીત કરવા એ એક નોંધપાત્ર સિદ્ધિ છે. તેમણે યુવાન ગ્રાન્ડમાસ્ટરના નિર્ભય, રમત કેન્દ્રિત અભિગમ અને ઊંડાણપૂર્વકની ભારતીય ભાવનાની પ્રશંસા કરી હતી. ગૌતમ અદાણીએ કહ્યું કે, યુવા ભારતના આત્મવિશ્વાસનું પ્રતિનિધિત્વ કરતા પ્રજ્ઞાનંધની સિદ્ધિ પર સમગ્ર રાષ્ટ્ર ખૂબ ગર્વ અનુભવે છે.

અદાણી એન્ટરપ્રાઇઝ લિ.ના ડિરેક્ટર શ્રી પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે, "વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંની એક, નોર્વે ચેસ જીતનાર પ્રથમ ભારતીય બનવાની પ્રજ્ઞાનંદની સિદ્ધિ ભારતીય ચેસ અને ભારતીય રમત માટે ગર્વની ક્ષણ છે. ઓસ્લોમાં તેમણે જે કંઈ ઉપલબ્ધિ હાંસલ કરી છે તેનું અમોને ખૂબ ગૌરવ છે. પ્રણવ અદાણીએ વધુમાં કહ્યું કે, તેઓ ભારતીય ચેસ અને ભારતીય રમતગમતના ક્ષેત્રમાં મોટી છલાંગ ભરવાની દીશામાં આગળ વધશે અને તેમની યાત્રા દેશભરના અસંખ્ય યુવા-યુવતીઓને ચેસ રમવા અને આત્મવિશ્વાસ સાથે તેમના સપનાઓને આગળ વધારવા માટે પ્રેરણા આપશે. તેમણે પ્રજ્ઞાનંધા આવનારા વર્ષોમાં સતત પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવી છે.

૨૦૧૩ માં શરુ થયેલી નોર્વે ચેસ ટુર્નામેન્ટની ગણના આંતરરાષ્ટ્રીય ચેસ કેલેન્ડર પર સૌથી મજબૂત અને સૌથી પ્રતિષ્ઠિત ઈવેન્ટ્સમાંની એક તરીકે થાય છે. ભારતનો સમૃદ્ધ ચેસ વારસો અને વર્ષોથી અનેક અગ્રણી ભારતીય ગ્રાન્ડમાસ્ટરોની ભાગીદારી હોવા છતાં પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ કે વર્તમાન વિશ્વ ચેમ્પિયન ગુકેશ ડી બંનેમાંથી કોઈએ અગાઉ આ ખિતાબ જીત્યો નથી તે સંદર્ભમાં પ્રજ્ઞાનંધાની સિદ્ધિ નોંધપાત્ર બની રહી છે. ભારતીય ચેસના એક નોંધપાત્ર તબક્કા વચ્ચે તેમણે જ્વલંત વિજય મેળવ્યો છે. ગ્રાન્ડમાસ્ટર્સની એક નવી પેઢી વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને સૌથી મોટા સ્ટેજ પર પડકાર ફેંકી રહી છે અને હરાવી રહી છે.

"ચેસના વિમ્બલ્ડન" તરીકે વ્યાપકપણે ઓળખાતી નોર્વે ચેસ પ્રતિવર્ષ રમતના ઘણા ઉચ્ચ ક્રમાંકિત ખેલાડીઓને એકસાથે લાવે છે. આ વર્ષની એડિશન તાજેતરના ઈતિહાસમાં સૌથી મજબૂત હતી. જેમાં બહુવિધ વિશ્વ-ટાઈટલ દાવેદારો અને રમતના કેટલાક સૌથી સફળ ગ્રાન્ડમાસ્ટરનો સમાવેશ થાય છે.



સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પ્રજ્ઞાનંધાએ નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા અને સંયમ દર્શાવ્યો હતો, વારંવાર નિષ્ફળતાઓનો પડકાર જીલી તેમણે નિર્ણાયક પ્રદર્શન સાથે આ સ્પર્ધામાં અડગ રહીને તાજ સુરક્ષિત રાખ્યો હતો.

ખાસ કરીને કાર્લસન સામેનો તેમનો વિજય નોંધપાત્ર હતો. આ સાથે પ્રજ્ઞાનંધા એક જ ટુર્નામેન્ટમાં બે વાર નોર્વેજીયન ખેલાડીને હરાવનારા ખેલાડીઓના એક ઉચ્ચ જૂથમાં જોડાયો છે અને પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન પર ત્રણ ક્લાસિકલ જીત નોંધાવનારા જૂજ ખેલાડીઓમાંનો એક બન્યો છે.

આ વિજય પ્રજ્ઞાનંધના નોંધપાત્ર ઉદયમાં વધુ એક સીમાચિહ્નરૂપ ક્ષણ દર્શાવે છે અને રમતની તેજસ્વી પ્રતિભાઓમાં તેમનું સ્થાન વધુ મજબૂત બનાવે છે. તે ભારતીય ચેસની વધતી જતી શક્તિ અને ઊંડાણને પણ પ્રતિબિંબિત કરે છે, જેમાં ગ્રાન્ડમાસ્ટર્સની નવી પેઢી વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને પડકારતી રહી છે.

પ્રજ્ઞાનંધાને અદાણી સ્પોર્ટ્સલાઈન દ્વારા તેની "ગર્વ હૈ" પહેલ દ્વારા પ્રેરક ટેકો આપવામાં આવ્યો છે, આ પહેલ મારફત નાણાકીય સહાય, આંતરરાષ્ટ્રીય એક્સપોઝર અને માળખાગત માર્ગદર્શન દ્વારા ભારતની આગામી પેઢીના રમત ગમત ચેમ્પિયનને પોષે છે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે

# દેહરી ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ સાવેના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી: જાતે ગૌ દુગ્ધ દોહન કર્યું, હળ પણ ચલાવ્યું

**ગામની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે રાજ્યપાલોએ યોગાભ્યાસ કર્યો**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વલસાડ જિલ્લાની બે દિવસ મુલાકાત દરમિયાન ગામની સરકારી શાળાના સામાન્ય ઓરડામાં રાત્રે વિશ્રામ કર્યા બાદ વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાનો સાથે યોગાભ્યાસ કર્યો હતો.




શાળા ખાતે ખુશનુમા વાતાવરણમાં વહેલી સવારે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલે શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે યોગ અને પ્રાણાયામ કરી તેના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે યોગ એ ભારતની પ્રાચીન વિરાસત હોવાનું જણાવી યોગ અને પ્રાણાયામને જીવનશૈલીનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

નિર્ધારિત કાર્યક્રમ અનુસાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ દેહરી ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ સાવેના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી, અહીં તેમણે જાતે ગૌ દોહન કર્યું હતું તથા હળ પણ ચલાવ્યું હતું. રાજ્યપાલે ફાર્મની મુલાકાત દરમિયાન ઉપસ્થિત ખેડૂતો સાથે સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ વિષયક વાર્તાલાપ પણ કર્યો હતો.

રાજ્યપાલે કલ્પવૃક્ષ ફાર્મની મુલાકાત દરમિયાન ખેડૂતોને જણાવ્યું હતું કે, આ ધરતી જ ખેડૂતોનું મંદિર છે. સુક્ષ્મ જીવાણું પ્રાકૃતિક ખેતીનો આધાર છે. તે જેટલા વધારે હશે, તેટલી જમીન ફળદ્રુપ બનશે. આ ફાર્મની માટીમાં ઓર્ગેનિક કાર્બન ખૂબ છે. જેથી નવા વૃક્ષોની વૃદ્ધિ ખૂબ ઝડપથી થાય છે. પશુ, પક્ષીઓ, જીવાણું અને મનુષ્યોનું જીવન પ્રાકૃતિક ખેતીથી સુધરશે. મંદિરમાં જે શ્રદ્ધાભાવથી જઈએ છીએ તે જ ભાવથી પ્રાકૃતિક ખેતી કરીએ તો કેટલાય પરિવારોને બચાવી શકાશે. તેમણે આવા મોડેલ ગુજરાતભરમાં બનાવવા પર ભાર મૂક્યો હતો. ફાર્મની મુલાકાત દરમિયાન ફાર્મના ખેડૂત નરેશભાઈ સાવેએ ફાર્મની માહિતી પૂરી પાડી હતી. કલેક્ટર પણ ફાર્મ મુલાકાતમાં જોડાયા હતા.

આ ફાર્મની મુલાકાત વેળા પ્રાકૃતિક ખેતી કરતા અન્ય ખેડૂતોએ રાજ્યપાલ પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. ગામના સરપંચ ધનેશભાઈ, ઉપ સરપંચ ઉમેશભાઈ પણ જોડાયા હતા.

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વલસાડ ખાતે

# પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'વિશ્વાસ, વિકાસ અને જન કલ્યાણ' અભિયાન અંતર્ગત યોજાયો સેવાકીય કાર્યક્રમ**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

દેશના યશસ્વી અને લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ અને દિર્ઘદ્રષ્ટા નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના અવિરત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશભરમાં તેને 'વિશ્વાસ, વિકાસ અને જન કલ્યાણ'ના અભિયાન તરીકે ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યો છે. આ સેવાકીય અભિયાનના ભાગરૂપે, આજે ૫મી જૂન-'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે વલસાડ શહેર ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીના આહ્વાન ઝીલીને પર્યાવરણના જતન અને સંવર્ધન માટે વલસાડ ખાતે 'એક પેડ માં કે નામ' અંતર્ગત ભાજપાના વરિષ્ઠ પદાધિકારીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવમાં આવ્યું હતું.

આ ગરિમાપૂર્ણ પર્યાવરણલક્ષી કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ મંત્રી શ્રી સોનલબેન સોલંકી, વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ તથા શ્રી નિખિલભાઈ ચોકસી, વલસાડના લોકપ્રિય ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ અને વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હેતલબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિશોરભાઈ પટેલ, વલસાડ જિલ્લા મંત્રીશ્રી મેઘનાથભાઈ ડાંગ, પ્રદેશ લઘુમતી મોરચાના ઉપપ્રમુખ શ્રી ઈલ્યાસભાઈ મલેક, વલસાડ શહેર ભાજપ પ્રમુખ શ્રી દિવ્યાંગભાઈ ભગત, વલસાડ નગરપાલિકા પ્રમુખ શ્રી માલતીબેન ટંડેલ, વલસાડ નગરપાલિકા શાસક પક્ષના નેતા શ્રી અલકાબેન દેસાઈ તેમજ વલસાડ શહેર મહામંત્રી શ્રી તુષારભાઈ વસીએ ઉપસ્થિત રહીને ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યુ હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસની સાથે-સાથે પર્યાવરણના સંતુલનને પણ હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. આજે રોપાયેલા આ છોડ આવનારી પેઢીને શુદ્ધ હવા અને હરિયાળું વાતાવરણ પુરૂ પાડશે,આ કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા તમામ સભ્યો, સંગઠનના વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી કાર્યકર્તા ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને રોપાયેલા વૃક્ષોનો ઉછેર અને જતન માટેના સામૂહિક સંકલ્પ લીધા હતા.

# નવસારી કલેક્ટર મનિષ ગુરવાનીએ ચીખલી પ્રાંત કચેરીની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૭**

નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ આજે ચીખલી પ્રાંત કચેરીની મુલાકાત લઈ વિવિધ શાખાઓમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. મુલાકાત દરમિયાન તેમણે કચેરી ખાતે કાર્યરત નાગરિક સુવિધા કેન્દ્ર તથા આધારકાર્ડ વિભાગની કામગીરીની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી.

કલેક્ટરશ્રીએ કચેરીમાં વિવિધ કામકાજ માટે આવતા નાગરિકોને સ્વચ્છ અને સુવિધાસભર વાતાવરણ ઉપલબ્ધ થાય તે માટે ખાસ ભાર મૂક્યો હતો. તેમણે ચીખલી મામલતદારશ્રી તથા સંબંધિત અધિકારીશ્રીઓને કચેરી ખાતે સ્વચ્છતા જાળવવા, પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ નાગરિકોને બેઠક વ્યવસ્થાની કોઈ અગવડતા ન પડે તે માટે જરૂરી પગલાં લેવા સૂચના આપી હતી.

વધુમાં, આધારકાર્ડ, વિધવા સહાય પેન્શન સહિતની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ અંગેની માહિતી ગ્રામજનો અને નાગરિકોને સરળતાથી અને અસરકારક રીતે ઉપલબ્ધ થઈ શકે તે માટે ગુજરાતી ભાષામાં માહિતીપ્રદ આઈ.ઈ.સી. (IEC) બેનરો પ્રદર્શિત કરવા સૂચન કર્યુ હતું. તેમણે નાગરિક કેન્દ્રિત સેવાઓને વધુ સુલભ, પારદર્શક અને અસરકારક બનાવવા માટે સતત પ્રયાસશીલ રહેવા ભાર મૂક્યો હતો. આ મુલાકાત દરમિયાન ઈન્ચાર્જ ચીખલી પ્રાંત અધિકારી શ્રી રોશની પટેલ, ચીખલી મામલતદારશ્રી તેમજ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૫ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વલસાડ ઉત્તર વન વિભાગના સહયોગથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરકારી આઈટીઆઈ ધરમપુરના વિદ્યાર્થીઓ તેમજ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે આવેલા મુલાકાતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




કાર્યક્રમની શરૂઆત પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે કેન્દ્રના પરિસરમાં કેન્દ્રના કર્મચારીઓ, આઈટીઆઈના વિદ્યાર્થીઓ અને ઈન્સ્ટ્રક્ટરો સાથે વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને આદિવાસી સમુદાય માટે 'કલ્પવૃક્ષ' તરીકે ઓળખાતા મહુડો તેમજ પીપળો, ઉંમરો, અશોકા, કૈલાસપતિ, કુસુમ, કદંબ, રક્તચંદન, આમલી, જાંબુ, ગરમાળો, આસોપાલવ અને વડ જેવા વિવિધ વૃક્ષો તેમજ ગિલોય અને શતાવરીના ૫૦થી વધુ રોપાઓનું વિતરણ પોતાની આસપાસના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવા માટે કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં લેડી વિલ્સન મ્યુઝિયમના ક્યુરેટર ડૉ.ઈન્દ્રા વત્સ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વૃક્ષારોપણમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પ્રસરાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

ત્યારબાદ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના જિલ્લા વિજ્ઞાન અધિકારી, શ્રી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, વરસાદી પાણીનું સંરક્ષણ આજના સમયમાં ખૂબ જ જરૂરી છે, કારણ કે તે ભૂગર્ભ જળસ્તર વધારવામાં મદદરૂપ થાય છે અને પાણીની કમી ઘટાડે છે. તેમણે 'વન બચાવો, જીવન બચાવો'નો સંદેશ આપતા જંગલોના સંરક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વ્યક્તિ પોતાના જન્મ દિવસની ઉજવણી કેક કાપીને કરે તેના કરતાં એક વૃક્ષ વાવીને ઉછેરે એ આજના પરિપ્રેક્ષયમાં વધુ જરૂરી છે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના વિજ્ઞાન સંચારક જૈમિની પરમાર અને તૃપ્તિ રાઉત દ્વારા 'આપણું પર્યાવરણ' વિષય પર પાવરપોઈન્ટ પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.

"Think Globally, Act Locally" અને 'વસુધૈવ કુટુંબકમ'ના મંત્રને આત્મસાત કરતાં, તૃપ્તિ રાઉતે જણાવ્યું કે પર્યાવરણની જાળવણી માત્ર એક દિવસ વૃક્ષારોપણ કરવાનો કાર્યક્રમ નથી. પરંતુ તેમાં સામાજિક સુખાકારી, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક વિકાસ અને તકનીકી નવીનતાના સમન્વય દ્વારા ટકાઉ જીવનશૈલીનું નિર્માણ સામેલ છે. સમગ્ર વિશ્વને એક પરિવાર માનીને પૃથ્વીના સંરક્ષણ માટે કરાયેલ દરેક નાનકડો પ્રયાસ આવનારી પેઢીઓ માટે સ્વસ્થ, સમૃદ્ધ અને ટકાઉ ભવિષ્યનું સૌથી મૂલ્યવાન રોકાણ છે.

ત્યારબાદ નેચર ટ્રેઈલનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના વિજ્ઞાન સંચારક શ્રી મેહુલભાઈ પાડવી અને શ્રી સાગરભાઈ પટેલ દ્વારા સહભાગીઓને વિજ્ઞાન કેન્દ્ર પરિસરમાં આવેલા વિવિધ પ્રકારના વૃક્ષો, ઔષધીય વનસ્પતિઓ તથા સ્થાનિક જૈવવિવિધતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

'પર્યાવરણ' વિષય પર નારા લેખન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં સહભાગીઓએ પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, સ્વચ્છતા અને હરિયાળી જાળવવાના સંદેશને વ્યક્ત કરતા સર્જનાત્મક અને પ્રેરણાદાયી નારા રજૂ કર્યા હતા. આ ઉપરાંત સહભાગીઓ માટે પરિસ્થિતિતંત્ર અને પર્યાવરણ આધારિત વિશેષ ઉડી ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ ITI ધરમપુરના ઈન્સ્ટ્રક્ટર શ્રી હિરેનભાઈ પટેલ, શ્રી ભાવેશભાઈ માહ્યાવંશી તથા શ્રી રોનકભાઈ પટેલે વિશેષ હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સહભાગીઓએ પર્યાવરણ સંરક્ષણ, જૈવવિવિધતાના જતન તથા ટકાઉ વિકાસ અંગે મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી. કાર્યક્રમના અંતે સૌએ પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશને સફળતાપૂર્વક સાકાર કરવામાં આવ્યો હતો.

# માર્ગ અને મકાન પેટા વિભાગ ચીખલી કચેરી દ્વારા વિવિધ માર્ગોની કામગીરી હાથ ધરાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૭**

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાની માર્ગ અને મકાન પેટા વિભાગની કચેરી દ્વારા વિવિધ માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત સણવલ્લા ટાંકલ રાનકુવા રૂમલા કરંજવેરી રોડ કિ.મી. ૦/૦ થી ૩૮/૪ છે. ચેઈનેજ કિ.મી.૧૫/૪ થી ૧૫/૬ અને કિ.મી. ૨૩/૨ થી ૨૩/૪ પર મજબૂતીકરણ અને પહોળાઈ ડામર વર્ક પેવર અને ટેન્ડમ રોલરનો ઉપયોગ કરીને ફોરલેનિંગ બીટ્યુમીન રોડ પેવિંગ કામ ધરવામાં આવી છે.

આ માર્ગ રાનકુવા, રૂમલાને જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. રસ્તાની કામગીરી પૂર્ણ થયા બાદ આ માર્ગ પર વાહનવ્યવહાર અત્યંત સરળ બની જશે. વાહનોની અવરજવર દરમિયાન થતી ધૂળ, ખાડાઓ જેવી સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. ગામો વચ્ચેનું સંચાલન વધુ સુચારૂ બનશે. જે સ્થાનિક વેપાર, શિક્ષણ અને રોજિંદા મુસાફરી માટે વિશેષ લાભદાયી છે. આ માર્ગ દક્ષિણ ગુજરાતના મહત્વપૂર્ણ શહેરો અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે સારો સંપર્ક સ્થાપિત કરશે, જેના પરિણામે મુસાફરીનો સમય ઘટશે અને પરિવહન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

આ પ્રોજેક્ટથી ગામોના નાગરિકો, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને સીધો લાભ મળશે. તેમજ ઉદ્યોગો અને કૃષિ ઉત્પાદનોના ઝડપી અને સરળ પરિવહનથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને સમગ્ર વિસ્તારના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન મળશે.

# નવસારી જિલ્લામાં ધો.૧૦-૧૨ની સા.પ્ર./વિ.પ્ર.ની પૂરક પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષક/ફેક્સ પર પ્રતિબંધ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૭**

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા આગામી તા.૧૧/૦૬/૨૦૨૬થી તા.૨૦/૦૬/૨૦૨૬ દરમિયાન પૂરક પરીક્ષા લેવાનાર છે.

આ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારૂ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગરાજસિંહ બી.ઝાલાએ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના નિયત કરેલા પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈપણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર તેમજ લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ સુધી સવારે ૭-૦૦ વાગ્યાથી સાંજે ૨૦:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### નવસારી જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીએ

# ચીખલીના જોગવાડ ગામની મુલાકાત લઈ ગ્રામ વિકાસ અને આરોગ્ય સેવાઓની કરેલી સમીક્ષા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૭**

નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનિષ ગુરવાનીએ આજે ચીખલી તાલુકાના જોગવાડ ગામની મુલાકાત લઈ ગ્રામ પંચાયત તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્થળ તપાસ કરી વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી.

મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયત કચેરી તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ સેવાઓ, જનકલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણ અને નાગરિકોને પ્રદાન કરવામાં આવતી સુવિધાઓ અંગે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ, સેવાઓની ગુણવત્તા અને લાભાર્થીઓ સુધી યોજનાઓનો સમયસર લાભ પહોંચે તે અંગે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ મુલાકાત દરમિયાન ઈન્ચાર્જ ચીખલી પ્રાંત અધિકારી શ્રી રોશની પટેલ, ચીખલી મામલતદારશ્રી તેમજ સંબંધિત અધિકારીઓ તથા ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમાચાર-સંધાન
સવારની ચા સાથે તો માત્ર

અમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ



# વાપીમાં સ્ટેમ્પ વેન્ડરોની ઉઘાડી લૂંટઃ સરકારી કમિશન છતાં ગ્રાહકો પાસેથી રૂ.૫૦નો ઉઘરાવાતો વધારાનો ચાર્જ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૭

વાપી ટાઉન અને તેની આસપાસના વિસ્તારોમાં કાર્યરત સ્ટેમ્પ વેન્ડરો દ્વારા ગ્રાહકો પાસેથી નિયમ વિરુદ્ધ જઈને વધારાના નાણાં વસૂલવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. સરકાર તરફથી નિયત કમિશન આપવામાં આવતું હોવા છતાં, ગ્રાહકો પાસેથી સ્ટેમ્પ દીઠ રૂ.૫૦નો એક્સ્ટ્રા ચાર્જ વસૂલીને ખુલ્લેઆમ આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે, જેને પગલે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર, જ્યારે કોઈ ગ્રાહક સ્ટેમ્પ ખરીદવા જાય છે ત્યારે તેની પાસેથી મૂળ કિંમત કરતાં રૂા.૫૦ વધુ માંગવામાં આવે છે. જો કોઈ જાગૃત ગ્રાહક આ ગેરકાયદેસર ઉઘરાણી અંગે વેન્ડર સાથે દલીલ કરે અથવા સવાલ ઉઠાવે, તો વેન્ડરો દ્વારા સંતોષકારક જવાબ આપવાને બદલે દાદાગીરી ભર્યું વલણ અપનાવવામાં આવે છે. ગ્રાહકોને ધમકાવતા હોય તેમ ''બીજી વાર અહીં સ્ટેમ્પ કાઢી આપવામાં નહીં આવે'' તેવી ધમકીઓ આપવામાં આવે છે. એટલું જ નહીં, વિરોધ કરનાર ગ્રાહકોને ધક્કા ખવડાવવા માટે ''સર્વર ડાઉન છે'' અથવા ''લિંક નથી'' જેવા બહાના બતાવીને સ્ટેમ્પ આપવાની ચોખ્ખી ના પાડી દેવામાં આવે છે.

આ સમગ્ર કૌભાંડ અને વેન્ડરોની મનમાની સામે હવે જનતા આરપારના મૂડમાં છે. એક જાગૃત નાગરિક દ્વારા આ ઉઘાડી લૂંટ સામે અવાજ ઉઠાવીને ઓનલાઈન પોર્ટલ તેમજ સક્ષમ સરકારી અધિકારીઓ સમક્ષ લેખિત રજૂઆત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

હવે સવાલ એ ઊભો થાય છે કે શું જવાબદાર તંત્ર આ ગંભીર બાબતની નોંધ લઈને ભ્રષ્ટ સ્ટેમ્પ વેન્ડરો સામે કોઈ કડક કાયદાકીય કાર્યવાહી કરશે? પ્રજાની લૂંટ ચલાવતા આવા તત્વોના લાયસન્સ રદ કરવામાં આવશે કે કેમ? તે જોવું રહ્યું. સ્થાનિકોએ આ બાબતે તાત્કાલિક તપાસની માંગ કરી છે.

# દાનહ શિક્ષણ વિભાગ દ્વારા ચિલ્ડ્રન યુનિવર્સીટી ગુજરાતના સહયોગથી કલામૃતમ સમર કેમ્પનો પ્રારંભ કરાયો







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૭

દાદરા નગર હવેલી અને દમણ-દીવ શિક્ષણ વિભાગ દ્વારા હંમેશા એ પ્રયાસ કરવામાં આવે છે કે, વિદ્યાર્થીઓની પ્રતિભાઓને ઓળખી તેઓને યોગ્ય અવસર આપવામા આવે અને વિવિધ નવીનતાના માધ્યમથી શિક્ષણને વધુ રચનાત્મક, આનંદદાયી અને કૌશલ આધારિત બનાવવામા આવે, જેને ધ્યાનમાં રાખી ચિલ્ડ્રન યુનિવર્સીટી ગાંધીનગરના સહયોગ દ્વારા છ દિવસીય કલામૃતમ સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ શિબિર પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવ્યું છે. જેમા પ્રદેશના દરેક ક્લસ્ટરોના વિવિધ શાળાના ધોરણ ૬ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે. શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે સાથે એમની રચનાત્મક, કલાત્મક અને સામાજીક ક્ષમતાઓનું સંવર્ધન કરવાનું છે.

શિબિરનો શુભારંભ દપાડા અને ખરડપાડા સરકારી શાળામાં આયોજીત ઉદ્‌ઘાટન સમારોહ સહાયક શિક્ષણ નિર્દેશક શ્રી પરિતોષ શુકલા, શિક્ષણ અધિકારી અને ડાયટ દમણના આચાર્ય દ્વારા દીપ પ્રજ્વલિત કરી કરવામા આવ્યો હતો. આ અવસરે ઉપસ્થિત અધિકારીઓએ વિદ્યાર્થીઓને શિબિરનો ઉદેશ્ય, ગતિવિધિઓ અને અપેક્ષિત ઉપલબ્ધીઓ અંગે જાણકારી આપી પ્રેરિત કર્યા હતા.

આ પ્રકારની શિબિરો વિદ્યાર્થીઓની રચનાત્મકતા, આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા અને સાંસ્કૃતિક મૂલ્યોને વિકસિત કરવામા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. એમણે દરેક વિદ્યાર્થીઓને શુભકામના આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ શિબિર એમના વ્યક્તિત્વ વિકાસમાં અત્યંત ઉપયોગી સિદ્ધ થશે.

# તાપી કિનારે કથાકાર પ્રફુલભાઈ શુક્લની રામકથાનો ભવ્ય પ્રારંભ: ૮૯૩ કથાના ઈતિહાસમાં પ્રથમવાર હોડીમાં પોથીયાત્રા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૭

સુરત નજીક તાપી મૈયાના પવિત્ર કિનારે આવેલા કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ ખાતે પ્રખ્યાત કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની રામકથાનો ભવ્ય પ્રારંભ થયો હતો. આ પ્રસંગે તેમની અત્યાર સુધીની ૮૯૩ કથાના ઇતિહાસમાં સૌપ્રથમવાર અનોખી રીતે હોડીમાં પોથીયાત્રા યોજાતા ભક્તોમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

રામકથાના આયોજકો શ્રી કમલેશભાઈ સેલર, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી અજયભાઈ ગાંધી, શ્રી ઈશ્વરભાઈ પટેલ તથા મુખ્ય યજમાન શ્રી ગિરીશભાઈના માર્ગદર્શન હેઠળ જીર્ણોદ્ધાર ટ્રસ્ટના સહયોગથી આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અંબામાતા મંદિરથી સજાવટ કરાયેલ બગીમાં પોથીયાત્રાનું પ્રસ્થાન થયું હતું. ત્યારબાદ તાપી નદીના કિનારેથી હોડી મારફતે પોથીયાત્રા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિના સૂર્યઘાટ સુધી પહોંચી હતી. આ અનોખા દશ્યને નિહાળવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

કાર્યક્રમમાં સુરતના પદ્મશ્રી યઝદી કરંજિયા તેમજ દુબઈથી ખાસ ઉપસ્થિત રહેલા અહમદ કાકા મંગળાચરણમાં જોડાયા હતા. અમદાવાદના જ્યોતિષાચાર્ય શ્રી ભાવેશભાઈ જોષીએ વૈદિક મંત્રોચ્ચાર કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

રામકથાના પ્રથમ દિવસે શિવાય ભટ્ટ દ્વારા સીતા માતાજીની અગ્નિ પરીક્ષા કેમ થઈ તેવો પ્રથમ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં શ્રી પ્રફુલભાઈ શુક્લે શાસ્ત્રીય આધાર સાથે સચોટ અને સરળ સમજણ આપતા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કથાના સંગીતમય માહોલમાં લોકગાયક શ્રી દીપકભાઈ બારોટ તથા વાયોલિનવાદક શ્રી હરેશભાઈ જાની દ્વારા ભજન અને ધૂનની રમઝટ બોલાવવામાં આવી હતી. ઉપરાંત ગુજરાત રાધેશ્યામ પરિવારના શ્રીમતી હંસાબેન પટેલ, વસુમતી મિસ્ત્રી અને શ્રીમતી વંદનાબેન દ્વારા કીર્તન રજૂ કરવામાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી હર્ષભાઈ મહેતા તેમજ ડૉ.દીપ્તિબેન અને શ્રી દીપકભાઈ પટેલ દ્વારા પોથીપૂજન વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

રામકથાના પ્રથમ જ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેતાં સમગ્ર વિસ્તાર માનવ મહેરામણથી છલકાઈ ઉઠ્યો હતો. આયોજકો દ્વારા દરરોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી રામકથાનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. ભક્તોમાં આ કથાને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સેલવાસ નમો હોસ્પિટલ નજીકથી અજાણ્યા યુવાનની લાશ મળી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૦૭:** સેલવાસ નમો હોસ્પિટલ મેઈન ગેટ આગળ રોડની બાજમાં ફૂટપાથ ઉપરથી મૃત અવસ્થામાં અજાણ્યા યુવાનની લાશ મળી આવેલ જેની ઉંમર આશરે ૩૦થી ૩૫ વર્ષ છે. રંગે ઘઉંવર્ણ તેમજ મધ્યમ બાંધાનો છે શરીરના બદન પર સફેદ શર્ટ તેમજ કમરના ભાગે ઝાંખો બ્લુ કલરનો જીન્સ પેન્ટ પહેરેલ છે. તેની ઉંચાઈ આશરે ૫ફુટ ૪ઇંચ છે. આ વ્યક્તિના વાલી વારસ મળી આવેલ નથી આ વ્યક્તિ અંગે કોઈને કંઈપણ જાણકારી હોય તો સેલવાસ પોલીસ સ્ટેશન અથવા તો એએસઆઇ આર.ડી.રોહિતનો સંપર્ક કરવા જણાવાયું છે.

## ધોડીપાડા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

# પ્રાકૃતિક ખેતી અપનાવી ધરતી માતાને બંજર થતી બચાવો: રાજ્યપાલ









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૭

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક ભવન ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલે પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળી ખેડૂતો સાથે સહજ સંવાદ કર્યો હતો.

પરિસંવાદમાં રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને, રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને સમજાવવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં થઈ રહેલી રાસાયણિક ખેતી એ માત્ર વ્યવસાય નથી રહ્યો, પરંતુ એક મોટો ગુનો અને પાપ બની ગયો છે. આપણા પૂર્વજોએ વારસામાં ફળદ્રુપ જમીન આપી હતી, પરંતુ આપણે રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો આડેધડ ઉપયોગ કરીને ધરતીને પથ્થર જેવી બંજર બિન ઉપજાવ બનાવી દીધી છે.

રાજ્યપાલે એક સંશોધનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, તાજેતરમાં ૧૦૫ માતાઓના દૂધના પરીક્ષણમાં ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. તમામ માતાઓના દૂધમાં યૂરિયા અને જંતુનાશકોના અંશ જોવા મળ્યા છે. આ ઝેર ખેતરોમાં આપણે નાખેલા રાસાયણિક ખાતરોને કારણે અનાજ અને ફળો દ્વારા માનવ શરીરમાં પ્રવેશી રહ્યું છે, જેના કારણે ૧૦ વર્ષના બાળકો પણ કેન્સર અને ડાયાબિટીસ જેવી જીવલેણ બીમારીઓનો શિકાર બની રહ્યા છે.

પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટવાની ભ્રાંતિ દૂર થવી જરૂરી છે એમ જણાવી રાજ્યપાલે ઉમેર્યું કે, ધરતી અને ગાયનું જતન એ જ સાચો ધર્મ છે. ખેડૂતો પોતાના ગામના અન્ય ખેડૂતોને પણ આ અભિયાનમાં જોડે. તેમણે ઉમેર્યું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એ ધરતીના જળસ્તર સુધારવા, પશુ-પક્ષીઓને બચાવવા અને આવનારી પેઢીને સ્વસ્થ જીવન આપવાનો એકમાત્ર માર્ગ છે.

આ પરિસંવાદમાં રાજ્યપાલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને રાજ્ય સરકારના સહયોગથી છેલ્લા લગભગ છ વર્ષથી ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ એક મિશન બની ચૂક્યું છે. જેના થકી આપણે આપણી આવનારી પેઢીને બચાવી શકીશું. દેશમાં ૪૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. અને ગુજરાતમાં સાડા આઠ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતીમાં જોડાયા છે. વલસાડ જિલ્લામાં ૨૪૦૦૦ હજાર ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. રાજ્યપાલે વધુ પાંચ હજાર ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવા પ્રશાસનને આહવાન કર્યું હતું.

આજના સમયમાં વધુ ઉત્પાદનની લ્હાયમાં યુરીયા, ડીએપી તથા જતુંનાશકોનો બેફામ ઉપયોગ કરાઈ રહ્યો છે. જેના કારણે જીવલેણ બિમારી વધી રહી છે. ટુંકા સમયના ફાયદા માટે આપણે પર્યાવરણ અને માનવજાતને નુકશાન પહોંચાડી અપરાધ કરી રહ્યા છીએ. આ રાસાયણિક ખેતીથી ધરતી પથ્થરસમાન બની થઈ છે, હવામાં ઝેરી તત્વો ભળવા સાથે ભુર્ગભ જળ પણ દૂષિત બન્યા છે. આમ, સમગ્ર પર્યાવરણ અને માનવજાત સામે મોટું સંકટ ઉભું થયું છે. ત્યારે ધરતીપુત્રોએ ખરાઅર્થમાં જીવનદાતા બનવા કમર કસવી જોઇએ. સમગ્ર સમાજ અને પોતાના પરિવારના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ.

રાસાયણિક ખેતી થકી આજે દેશનું ધન વિદેશમાં ચાલ્યું જતું હોવાનું જણાવી રાજ્યપાલે વડાપ્રધાનના રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનમાં સહભાગી બનવા હાંકલ કરી હતી. દેશી ગાયના મહત્વ પર ભાર મૂકતા રાજ્યપાલે ગાયને ખેતી માટે વરદાનરૂપ ગણાવી હતી. તેના ગોબર અને ગૌમુત્ર પ્રાકૃતિક ખેતી વરદાનરૂપ હોવાનું જણાવ્યું હતું.

રાજ્યપાલે જિલ્લાની કૃષિ સખીઓ અને માસ્ટર ટ્રેનરને વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા આહવાન કર્યું હતું.

રાજ્યપાલના પ્રાકૃતિક કૃષિના સંકલ્પને સાચા અર્થમાં સાકાર કરવા જિલ્લા વહીવટીતંત્ર સક્રિય બન્યું છે. જિલ્લામાં વધુમાં વધુ ધરતીપુત્રો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ઝીરો-બજેટ ખેતી અપનાવે તે માટે પ્રશાસન દ્વારા ''મિશન મોડ'' પર આયોજન હાથ ધરી જિલ્લાના તમામ તાલુકાઓમાં સુવ્યવસ્થિત આયોજન કરી, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે ગામેગામ તાલીમ આપવા ખેતીવાડી વિભાગને અનુરોધ કર્યો હતો.

આ તકે નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી ધરતીમાતાને બચાવવાનું મહાન કાર્ય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ પ્રાકૃતિક ખેતીને અપનાવવા અભિયાન ચલાવી રહ્યા છે. રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. પ્રાકૃતિક ખેતીમાં નહિવત ખર્ચ થાય છે. રાજ્ય સરકાર પણ પ્રાકૃતિક ખેતી માટે સહાય આપે છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો.

ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખેડૂતો પ્રાકૃતિક કરે તે માટે અભિયાન ચલાવી રહ્યા છે. આપણે સૌએ પ્રાકૃતિક ખેતી કરી, અભિયાનમાં ભાગીદાર બનીએ.

પરિસંવાદમાં પ્રગતિશીલ ખેડૂતો કમલેશભાઈ પટેલ તથા અમિતભાઈ મકરાણીએ ઉપસ્થિત ખેડૂતો સમક્ષ સફળ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

આ પરિસંવાદમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ સંતોષ દળવી, ધોડીપાડાના સરપંચ મીનાબેન પાટકર સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીથી ૩૨ વર્ષીય રાજકુમાર ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વાપી, તા.૦૭

વલસાડ જિલ્લાના વાપી ટાંકી ફળિયા, સંતોષ મિશ્રાની બિલ્ડિંગ, પહેલા માળે, રૂમ નં.૦૯ ખાતે રહેતા ૩૨ વર્ષીય રાજકુમાર ગયાપ્રસાદ કુશવાહા(મૂળ રહે-કટાહા, થાના-અમરપાટણ, જિ-સતના, મધ્યપ્રદેશ) તા.૨૮/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૯-૪૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી 'હું કામ ઉપર જાઉં છું' તેમ કહી ઘરેથી નીકળ્યા હતા અને રાત્રે ૯-૦૦ વાગ્યા આસપાસ તેમની પત્ની અનીતાકુમારી રાજકુમાર કુશવાહા અને દીકરી સાથે વિડીયોકોલ ઉપર વાત કરી ફોન બંધ કરી કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ રાજકુમાર મધ્યમ બાંધો, ઘઉંવર્ણ, લંબગોળ ચહેરો અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે રાખોડી કલરનો શર્ટ, બ્લ્યુ જીન્સ અને ચપ્પલ પહેરેલા હતા. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. તેઓ રજી નં.જીજે-૧૫-ડીએમ-૬૧૦૮ની એકટિવા સાથે લઈને ગયા હતા. જો કોઈને પણ આ યુવકની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૯૦૮૧૪ ૧૩૨૮૯, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899
સુરેશ ઉમતિયા - 98259 89444

# વાપી રેલવે સ્ટેશનમાં સુતેલા મુસાફરોના બે મોબાઈલ ચોરી કરનાર આરોપી ઝડપાયો : એક લાવારીસ બેગ પણ મળી

## આર.પી.એફ.એ સતર્કતાથી સીસીટીવી ફુટેજ તપાસી આરોપીને ઝડપી પાડી ૩૯૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો






(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૭

વાપી રેલવે સ્ટેશન ૨૪ કલાકમાં બે બનાવ બન્યા હતા. પ્રથમ બનાવમાં સુતેલા મુસાફરોના બે મોબાઈલ ચોરી કરનારને આર.પી.એફ.એ ઝડપી પાડ્યો હતો. જ્યારે બીજા બનાવમાં પ્લેટફોર્મ ઉપર એક શંકાસ્પદ લાવારીશ બેગ મળી આવતા પોલીસે એલર્ટ ઓપરેશન હાથ ધર્યુ હતું.

વાપી રેલવે સ્ટેશનમાં મોબાઈલ ચોરી થવાના બનાવો વધી રહ્યા છે, તેવો વધુ એક બનાવ ઉજાગર થયો છે. પ્લેટફોર્મ ઉપર સુતેલા મુસાફરોની સાથે સુઈ જઈને સિફતપૂર્વક મોબાઈલ ચોરી કરનાર એક આરોપી ઝડપાયો છે. આર.પી.એફ.ને મળેલી ફરીયાદ બાદ સીસીટીવી ફૂટેજ ચેક કરીને આરોપી સ્ટેશન છોડી ફરાર થાય તે પહેલા પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ૩૯૫૦૦ રૂા.ના બે ચોરેલા મોબાઈલ મુદ્દામાલ તરી જપ્ત કર્યો હતા.

બીજા બનાવમાં પ્લેટફોર્મ ન.૧ ઉપર બિનવારસી શંકાસ્પદ બેગ મળી આવી હતી. પોલીસે બેગ જપ્ત કરીને આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

**CHANGE OF NAME**

I have changed my name from my old name Nikunj Rajpurohit to new name **Nikunj Mahendra Rajpurohit** as per my documents.
Add- Flat no M/204, Green Park,Tirupati Nagar, Tokarkhada, Silvassa, Dadra & Nagar Haveli - 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM HAIDERALI BASIR SOLANKI TO **HAIDARALI BASHIRBHAI SOLANKI** AS PER DOCUMENT
**ADDRESS :** 504, GOVINDA COMMERCIAL COMPLEX, BUILDING A1, BAVISA FALIYA, SILVASSA -396230

**CHANGE OF NAME**

MY DAUGHTER NAME CHANGED FROM FATEMA BASIR SOLANKI TO **FATEMA BASHIRBHAI SOLANKI** AS PER DOCUMENT
**ADDRESS :** 504, GOVINDA COMMERCIAL COMPLEX, BUILDING A1, BAVISA FALIYA, SILVASSA -396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM BASIR SOLANKI / BASHIRBHAI SOLANKI / BASSIR ALIBHAI SOLANKI / BASIRBHAI VALIBHAI SOLANKI TO **BASHIRBHAI VALIBHAI SOLANKI** AS PER DOCUMENT
**ADDRESS :** 504, GOVINDA COMMERCIAL COMPLEX, BUILDING A1, BAVISA FALIYA, SILVASSA -396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SHAMABEN BASIR SOLANKI / SHAMABANU BASIR SOLANKI / SHAMABANU BASIRBHAI SOLANKI TO **SHAMA SOLANKI** AS PER DOCUMENT
**ADDRESS :** 504, GOVINDA COMMERCIAL COMPLEX, BUILDING A1, BAVISA FALIYA, SILVASSA -396230

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડ પોલીસે ઉમરગામ વિસ્તારમાં ઓપરેશન ડેલ્ટા ચલાવી ૬ બાંગ્લાદેશી ઈસમોની ધરપકડ કરી



**વિવિધ પોલીસ ટીમોએ ૧૦૦૦ ઈસમોની ફિઝીકલ ચકાસણી કરી હતી : શંકાસ્પદ ૫૬ને પૂછપરછ માટે રોક્યા હતા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

ગુજરાતભરમાં છેલ્લા કેટલાક દિવસથી બાંગ્લાદેશીઓને ઝડપી પાડવા માટે પોલીસ ઓપરેશન ડેલ્ટા ચલાવી રહી છે. જેમાં વલસાડ પોલીસને સફળતા મળી છે. ઉંમરગામ વિસ્તારમાંથી ગેરકાયદે નિવાસ કરતા ૬ જેટલા બાંગ્લાદેશીઓને પોલીસે ઝડપી પાડ્યા છે.

ઓપરેશન ડેલ્ટા હેઠળ વલસાડ પોલીસે ૫૦ જેટલી ટીમો બનાવીને આ ઓપરેશન ઉમરગામ વિસ્તારમાં સઘન બનાવ્યું હતું. જેમા ૧૦૦૦ જેટલા લોકોની ફિઝીકલ ચકાસણી તેમજ ૫૬ જેટલા ઈસમોને પૂછપરછ માટે રાખ્યા હતા. અંતે સઘન પૂછપરછ અને ચકાસણીને અંતે પોલીસને સફળતા મળી હતી. ૬ જેટલા બાંગ્લાદેશી જે ગેરકાયદે વસવાટ કરતા હતા. તેમની અટકાયત કરી હતી.

# વાપી ગુંજનમાં 'સ્ટ્રીટ ફોર ઓલ' નો મનોરંજન, કલા, સંસ્કૃતિ સંગીત સભર નવરંગી કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું

**રેમન્ડ સર્કલથી રામુસ કોર્નર વચ્ચે યોજાયેલ કાર્યક્રમમાં અબાલ-વૃદ્ધોએ અનેક પ્રસ્તુતી રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ બનાવ્યા**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વાપી, વીઆઈએ જીપીસીબી, નોટીફાઈડ ઓથોરીટી અને અન્ય સામાજીક સંસ્થાના સહયોગથી રવિવારે ગુંજનમાં 'સ્ટ્રીટ ફોર ઓલ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મળસ્કે ૬ કલાકથી પ્રારંભ થયેલ કાર્યક્રમ અનન્ય નઝરાણું બની ગયો હતો.

વાપી ક્રિએટીવ શહેર છે. વર્ષભરમાં તમામ ધર્મના ઉત્સવો, તહેવાર સતત ઉજવાતા રહે છે. પરંતુ આ તહેવારોની ઉજવણીથી જરા હટકે એક ખાસ કાર્યક્રમ પ્રતિવર્ષ ગુંજનમાં ઉજવાય છે. સ્ટ્રીટ ફોર ઓલ કાર્યક્રમનું સાતમું આયોજન કરવામાં આવ્યું હતું. હાડમારી અને દોડધામ ભરી જીંદગીથી બહાર આવી બચપણ સહજ બનીને ગમે, તેવી પ્રસ્તુતી દરેક રી શકે તેવા આ કાર્યક્રમમાં મનોરંજન, સંસ્કૃતિ સંગીત વિવિધ રમતો, ડાન્સ, ગરબા જેવી અનેક નવરંગી પ્રસ્તુતી અબાલ વૃદ્ધોએ કરી તદ્દન સહજ રીતે દરેક ભાગ લેનાર ઉંમર વિસારી દઈને મનપસંદ પ્રસ્તુતિઓ રજુ કરી ત્યારે ઉપસ્થિત માનવ મહેરામણ મંત્રમુગ્ધ બની ગયો હતો.

રેમન્ડ સર્કલથી રામુસ કોર્નર વચ્ચેની સ્ટ્રીટમાં થયેલા આ આયોજન અતિ લોકપ્રિય બન્યું હતું. સૌકોઈ જોનાર અને ભાગ લેનાર બાળકો જેવા સહજ બની કાર્યક્રમને માણ્યો હતો.

'સ્ટ્રીટ ફોર ઓલ' કાર્યક્રમમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વીઆઈએ પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ સહિત અગ્રણી ઉધોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતાને બિરદાવી હતી.

# વાપી મહાનગરપાલિકાના કમિશનર અને આસિસ્ટન્ટ કમિશનરની બદલી થતાં માનભેર વિદાઈ અપાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે વાપી મહાનગરપાલિકાના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર શ્રી યોગેશ ચૌધરી(આઈએએસ)ની જુનાગઢ જિલ્લાના કલેક્ટર તરીકે તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર સુશ્રી આસ્થા સોલંકીની પ્રાયોજના વહીવટદાર તરીકે નિમણૂક થતાં વાપી મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા બંને અધિકારીઓના સન્માનાર્થે ભાવભીનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બંને અધિકારીશ્રીઓને શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ તેમની નવી જવાબદારીઓમાં ઉજ્જવળ સફળતા અને પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનર શ્રી એન.એફ.ચૌધરી(આઈએએસ) તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી કિરણ રાણાનું પુષ્પગુચ્છ અર્પણ કરી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગિક ઉદ્બોધન કરતા શ્રી રિતેશભાઈ વાળંદે જણાવ્યું હતું કે, બંને અધિકારીઓને તેમની કાર્યકુશળતા, નિષ્ઠા અને વહીવટી ક્ષમતાના આધારે ઉચ્ચ હોદ્દાઓ પર નિમણૂક પ્રાપ્ત થઈ છે, જે સમગ્ર વાપી મહાનગરપાલિકા પરિવાર માટે ગૌરવની બાબત છે. તેમણે બંને અધિકારીઓને નવી જવાબદારીઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વલસાડ તિથલ રોડ સરદાર હાઈટ ઈમારતના ૧૩માં માળેથી યુવકે મોતની છલાંગ લગાવતા ચકચાર મચી

**ફૂડ ડિલેવરી બોયની નોકરી કરતા માનવ પટેલે લોન ભરવાના ટેન્શનમાં અંતિમ પગલું ભર્યું**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વલસાડ તિથલ રોડ ઉપર આવેલ સરદાર હાઈટ દમણગંગા વિંગના ૧૩મા માળેથી આજે બપોરે દોઢ વાગ્યાના સુમારે સોસાયટીમાંજ રહેતા યુવાને મોતની છલાંગ લગાવી દીધી હતી. ઘટના બાદ લોકોમાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી હતી.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્મિત સરદાર હાઈટની દમણગંગા વિંગમાં આજે રવિવારે બપોરે અરેરાટી ઉપજાવે તેવી ઘટના ઘટી હતી. સોસાયટીમાં રહેતો ૨૮ વર્ષિય માનવ પટેલ નામના યુવાને ૧૩માં માળેથી મોતની છલાંગ લગાવી હતી. અંતિમ કદમ ભરવા પહેલા માનવ આંટા મારતો હતો અને છેલ્લે મોબાઈલ સ્ટેટસમાં 'I quit bye world' લખ્યું હતું. ચર્ચા મુજબ યુવક આર્થિક સ્થિતિ સારી નહોતી, છેલ્લા કેટલાક ટાઈમથી લોનના હપ્તા ભરવાના ટેન્શનમાં રહેતો હતો. અંતે માનવે આજે બિલ્ડિંગના ૧૩માં માળેથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. ચર્ચાઓ મુજબ માનવ ડોમીનોઝમાં પાર્ટ ટાઈમ ડીલેવરી બોય તરીકે ફરજ બજાવતો હતો. સીટી પોલીસે જાણકારી બાદ સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**PUBLIC NOTICE**

**Date :- 08/06/2026**

Notice is hereby given to the Public at large that My Client is negotiating, with SMT. BHAVNABEN PRATAP DESAI, for lawful purchase of her Immovable Property i.e. the Property bearing Survey No. 363/1(11), admeasuring 1141.25 Square Meters, alongwith Industrial Premises standing thereon (presently in the possession of M/s. Teepay Products), bearing House No. 938, situated at Shree Ganesh Industrial Estate, Village Kachigam, Nani Daman.

All Persons, Institutions, Societies or any other Legal Establishment, having or claiming any right, title, interest or share in the same, in whatsoever nature, are hereby called upon to file their objections to that effect in writing, alongwith the documentary evidence in support thereof, within 7 days from the date of this publication, before the undersigned. Failing to which, the negotiation will be concluded and the sale transaction/transfer will be completed, by considering any claim, thereafter, as waived.

**Address:** 101, First Floor,
My City Apartment,
Opp. Life Care Hospital,
Khariwad, Nani Daman.
Phone :- (0260) 2250756
Mob:- 09879585756

**Piyush Modasia**
**Advocate**

# સંસાધનોની અછત સફળતામાં અવરોધક નથી; સંકલ્પની અછત જ અવરોધનું સાચું કારણ છે

**એક ગરીબ ખેતમજૂરે માત્ર છીણી અને હથોડી વડે ૨૨ વર્ષ સુધી પહાડ સાથે યુદ્ધ કર્યું, પરિણામે ૫૫ કિલોમીટરનો રસ્તો ૧૫ કિલોમીટરનો બની ગયો અને એક અજાણ્યું ગામ વિશ્વના નકશા પર ચમકી ઊઠ્યું**



**વા**ત છે નિમ્ન જ્ઞાતિમાં જન્મેલા એક ગરીબ ખેતમજૂરની. નામ હતું **દશરથ માંઝી.**

૧૪ જાન્યુઆરી ૧૯૩૪ ના રોજ જન્મેલા ''પર્વતપુરુષ'' તરીકે પ્રસિદ્ધ થયેલા આ બિહારી નરબંકાએ એક અપ્રતિમ સાહસ કરી બિહારના ગયા જિલ્લાના પોતાના નાનકડા ગામ ગહલોરને વિશ્વને નવી ઓળખ અપાવી.

એનું કારણ હતું ગામની વિકટ ભૌગોલિક સ્થિતિ. ગામની દક્ષિણ બાજુએ કઠિન ક્વાર્ટઝાઈટ પથ્થરોની પહાડી શ્રેણી આવેલી છે, જે રાજગીર પર્વતમાળાનો ભાગ માનવામાં આવે છે. અગાઉ આ પહાડ ગામને બહારની દુનિયાથી લગભગ અલગ પાડતો હતો.

૧૯૮૨ પહેલાં હોસ્પિટલ, બજાર અને અન્ય પ્રાથમિક સુવિધાઓ માટે લોકોને તે પહાડને ચકરાવો લઈ લગભગ ૫૫ કી.મી. દૂર વઝીરગંજ જવું પડતું. વરસાદ કે બીમારીના સમયે આ મુશ્કેલી વધારે વકરી જતી.

આ પર્વતમાળાના ઢોળાવ પર ગ્રામજનો જ્યાં અનુકૂળતા હોય ત્યાં ખેતી કરી ગુજરાન ચલાવે. જમીન વિહોણો દશરથ આવા ખેતરોમાં કાળી મજૂરી કરતો.

**એક કરુણ અકસ્માત અને પત્નીનો વિરહ**

૧૯૫૯ની વાત છે.

એક વાર એવું બન્યું કે દશરથની પત્ની ફાલ્ગુની દેવી ઉતાવળે પગલે ખેતમજૂરીએ ગયેલા દશરથને ભરબપોરે ભાતું આપવા ગઈ. પર્વત પાર કરતાં તેણીનો પગ સરકી જતાં લગભગ વીસેક ફૂટ નીચે પડી ગઈ. તેણી ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ.

હોસ્પિટલ નજીક ન હોવાને કારણે, તેને સમયસર તબીબી સહાય મળી શકી નહીં અને તેમનું મૃત્યુ થયું.

**પર્વત પુરુષનો પર્વતીય સંકલ્પ**

આ ઘટનાએ માંઝીને ખૂબ જ દુઃખી કરી દીધો. પત્નીના અકાળ મૃત્યુથી વ્યથિત થઈને, તેણે નક્કી કર્યું કે તેમની પત્નીનો જીવ લેનાર આ પર્વત હવે કોઈ અન્ય પરિવાર માટે દુઃખનું કારણ નહીં બને.

જાણે પર્વત જીવંત હોય તેમ ક્રોધથી પથ્થર મારી તે ગાંડાની જેમ પર્વતને રડતાં રડતા ભાંડવા લાગ્યોઃ ''તું બહુ અક્કડ થઈ ગયો છે. તેં મારી પત્ની છીનવી લીધી છે. તારી આ હોંશિયારીનો ભ્રમ જોજે હું દૂર નહીં કરું તો મારું નામ દશરથ નહીં!''

પર્વતને મહાત કરવા તે દરરોજ પર્વતને ભાંડતો રહેતો.

પત્ની પ્રત્યેનો તેનો પ્રેમ હવે જીદમાં પરિવર્તિત થયો હતો. આ જીદ વ્યક્તિગત વેરની નહોતી; સમગ્ર ગામના કલ્યાણની હતી. લોકોને તેની આ જીદ ગાંડપણની હદ સુધી અસંભવિત લાગી. તેને સમજાવવા પ્રયાસ કરનાર ગામ લોકોનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો.

૧૯૬૦ના અરસામાં એક દિવસ તો તે રીતસર છીણી-હથોડી લઈ પર્વતની એક નાની ટેકરી પર પહોંચી ગયો. તેણે એકલા હાથે વિશાળ પહાડ કાપીને રસ્તો બનાવવાનું નક્કી કર્યું.

લોકોએ માની લીધું કે તેની ધૂન હવે ચરમ સીમાએ પહોંચી ગઈ છે. તે દરરોજ સવારથી સાંજ સુધી પથ્થર સાથે મથામણ કરતો રહેતો.

ગામના મુખિયા અને પ્રતિષ્ઠિતો તેને આ ગાંડપણ છોડવા સમજાવતાં પરંતુ તે કોઈની વાત પર ધ્યાન આપતો નહીં. ન કોઈ સરકારી સહાય કે આધુનિક સાધનો. બસ, તેનું લક્ષ્ય માત્ર પહાડ તોડી રસ્તો બનાવવાનું હતું. આ ધૂનમાં તે ઘણી વખત તો ભૂખ્યો-તરસ્યો કામે ચડી જતો.

સંતાનમાં એક દીકરો અને દીકરી હતા. રસ્તા બનાવવાની લગનમાં તેઓની પણ પૂરતી દેખરેખ રાખી શકતો નહીં. સગાં-વહાલા અને આડોશી-પાડોશીના ભરોસે બધું ચાલતું.

**હિજરતમાં અડગતા**

આ રસ્તો બનાવવાની ધૂનમાં લગભગ આઠેક વર્ષ નીકળ્યા હશે. કહેવાય છે કે, ત્યાં ગામમાં દુકાળ પડ્યો. કૂવા તળાવ સુકાઈ ગયાં. પશુઓ ટપોટપ મરવા લાગ્યાં. સેંથામાં સિંદૂર વિનાની વિધવાઓની જેમ પાન વગરના ઝાડવાંઓનાં ઠૂંઠાંઓથી સૂકીભઠ્ઠ ખડકાળ ભૂમિ બિહામણી બની ગઈ હતી.

**સિક્કાની ત્રીજી બાજુ**



**- સ્વામી ચિન્મયદાસ**



આખું ગામ પોતાના બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોરઢાંખર લઈ ગાડાં ભરી હિજરત કરી ગયા. દશરથને પણ લોકોએ હિજરત કરવા સમજાવ્યો. પણ તે તો તેની મસ્તીમાં અડગ રહ્યો. ન છૂટકે તેના સંતાનોને ગામલોકો તેમની સાથે લઈ ગયા.

મેઘરાજાની મહેરબાની બે વર્ષ પછી થઈ. જ્યારે ગામના લોકો પાછાં આવ્યા ત્યારે પણ એ દશરથ રસ્તાની મથામણ કરતો નજરે ચડ્યો.

હવે રસ્તો આકાર લઈ રહ્યો હતો. ભૂખ-તરસ અને રાત-દિવસ જોયા વગર ચાલેલા દશરથના આ મહા અભિયાનની વાત આજુબાજુના પંથકમાં વાયુ વેગે પ્રસરી ગઈ. લોકોને તેની વાતમાં દમ લાગ્યો.

એવું જાણવા મળે છે કે એક વાર તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ વિસ્તારમાં આવેલા ત્યારે એક પત્રકારે દશરથની મુલાકાત તેમની સાથે કરાવેલી. રસ્તા માટે આર્થિક સહાય માટે પણ વાત કરેલી પરંતુ વડાપ્રધાનની આશ્વાસનની આભા ઝાઝી ટકી નહીં.

ઘણી વાર દશરથ નાસીપાસ થઈ જતો પરંતુ તેની પત્નીનું કરૂણ અવસાન તેની નજરે દેખાતું. અને વળી તે હિંમત કેળવી મંડી પડતો.

છેલ્લે છેલ્લે ગામલોકોએ પણ મદદ કરી. જોતજોતામાં પૂરા બાવીસ વર્ષ નીકળી ગયા.

અને... ફક્ત છીણી અને હથોડાની સહાયથી એક નિષ્ઠાના જોરે ૩૬૦ ફૂટ લાંબા, ૩૦ ફૂટ પહોળા અને ૨૫ ફૂટ ઉંડા રસ્તાનું નિર્માણ પૂર્ણ થયું.

૧૯૬૦ થી ૧૯૮૨ સુધીના દશરથના આ અસાધારણ પરાક્રમને કારણે ગહલોર (અત્રી) અને વઝીરગંજ વિસ્તાર વચ્ચેનું અંતર લગભગ ૫૫ કિમીથી ઘટીને ૧૫ કિમી થયું.

આજે ગહલોર ગામ સમગ્ર વિશ્વમાં ''માઉન્ટેન મેન'' દશરથ માંઝીના કારણે પ્રસિદ્ધ છે. ગામમાં તેમનું સ્મારક પણ છે અને હજારો લોકો તેનો સંઘર્ષ જોવા આવે છે.

ગહલોરની ભૌગોલિક સ્થિતિ સમજીએ તો સ્પષ્ટ થાય છે કે દશરથ માંઝીએ માત્ર એક પહાડ નહીં, પરંતુ ગરીબી, એકલતા અને અવિકસિતતાના અવરોધોને પણ કાપી નાખ્યા હતા.

દશરથનું સૂત્ર હતું, ''ભગવાનના ભરોસે નહીં બેસો. કોણ જાણે ભગવાન આપણાં પર ભરોસો કરી બેઠા હોય!''

બોલિવૂડના ફિલ્મ ડિરેક્ટર કેતન મહેતાએ તેના અદમ્ય સાહસને બિરદાવતી 'માઝી-ધ માઉન્ટેન મેન' નામની ફિલ્મ બનાવી હતી. બિહાર સરકારે આ ફિલ્મને ટેક્સ-ફ્રી (કરમુક્ત) કરી માંઝીને ઘણું સન્માન આપ્યું હતું.

શાહજહાંએ મુમતાઝના પ્રેમમાં તાજમહેલ રચ્યો, જ્યારે દશરથ માંઝીએ પત્નીના પ્રેમમાં પહાડ ચીરી માનવસેવાનો માર્ગ રચ્યો.

**દશરથ માંઝીની આ રોચક કથાનો સારઃ**

- સંસાધનોની અછત સફળતામાં અવરોધ નથી; સંકલ્પની અછત અવરોધ છે.
- પ્રેમ અને કરુણા અસાધારણ કાર્ય કરવાની શક્તિ આપે છે.
- એક વ્યક્તિ પણ સમાજમાં મોટું પરિવર્તન લાવી શકે છે.
- પરિસ્થિતિને દોષ આપવા કરતાં તેનો ઉકેલ શોધવો વધુ મહત્વનો છે.

દશરથ માંઝીની કથા માનવની ઈચ્છાશક્તિ, પ્રેમ, વેદના અને અવિરત પરિશ્રમનું અનોખું પ્રતીક સમી છે.

# ઉમરગામ પાલિકા સુધારીત ડેવલપ પ્લાનની ચર્ચા વચ્ચે ગેરકાયદેસર બાંધકામોની કાયદાકીય સમીક્ષાની આવશ્યકતા

**આર્થિક હિતો ખાતર ટાઉન પ્લાનિંગના નિયમોને નેવે મુકનારા તત્ત્વો અને મૌન ધારણ કરનારા અધિકારીઓ સામે કડક પગલાં ભરવા માટે જનતામાં આક્રોશ સાથે વ્યાપક જાહેર હિતને ધ્યાનમાં રાખી રાજ્યની વડી અદાલતમાં દાદ માંગવાની ચાલતી તૈયારી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૭**

ગુજરાત સરકારના નગર આયોજન અને મૂલ્યાંકન વિભાગ દ્વારા ઉંમરગામ નગરપાલિકાનો સુધારિત ડેવલપમેન્ટ પ્લાન (Revised Development Plan) જાહેર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે સ્થાનિક રહીશોમાં ભૂતકાળના નિયમ વિરૂદ્ધના બાંધકામોને લઈને ભારે ચર્ચા અને આક્રોશ જોવા મળી રહ્યો છે. ઉમરગામ પાલિકા વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાનની જોગવાઈઓ અને ઝોનિંગના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને મોટા પાયે આર્થિક હિતો સાધવામાં આવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જાગૃત નાગરિકોની માંગ છે કે, નવા પ્લાનની આખરી મંજૂરી પહેલાં ભૂતકાળના તમામ ગેરકાયદેસર કામોની કાયદાકીય સમીક્ષા થવી જોઈએ.

પાલિકાની પ્રજામાં વ્યાપક ચર્ચા છે કે, જે અધિકારીઓના માથે ટાઉન પ્લાનિંગના કાયદાનું પાલન કરાવવાની સીધી જવાબદારી છે તેઓ બધું જ જાણતા હોવા છતાં ઈરાદાપૂર્વક મૌન સેવી રહ્યા છે. નિયમ વિરૂદ્ધ થયેલા બાંધકામો સામે સમયસર કડક પગલાં ન લેવાતા નગરના સુનિયોજિત વિકાસ સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. જાણકારોના મત મુજબ 'ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬' અને 'ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩' હેઠળ નિયમભંગ કરનારાઓ સામે જવાબદાર વિભાગે નોટિસ પાઠવ્યા બાદ બાંધકામ અટકાવવા અને તોડી પાડવાની કાયદાકીય જોગવાઈ રહેલી છે.અને નોટિસનો અમલ ન કરનાર મિલકતોને સીલ કરીને તેનો ડિમોલિશન ખર્ચ પણ નિયમભંગ કરનાર પાસેથી જ વસૂલવાનો કાયદો છે. આ ઉપરાંત એગ્રીકલ્ચર કે જાહેર હેતુના ઝોનનો ગેરકાયદેસર વ્યવસાયિક ઉપયોગ કરવા બદલ જમીન મહેસૂલ કાયદા હેઠળ દંડ અને જમીન સરકાર હસ્તક કરવા સુધીની કડક કાર્યવાહી થઈ શકે છે.

હાલમાં જ્યારે રિવાઈઝડ પ્લાનની ચર્ચા અને પ્રક્રિયા ગતિમાં છે, ત્યારે કાયદાની કલમ ૧૭ અને ૧૯ હેઠળ સ્થાનિક નાગરિકોને પોતાના વાંધા-સૂચનો રજૂ કરવાનો કાનૂની અધિકાર છે. જાગૃત નાગરિકો આ તકનો ઉપયોગ કરીને ભૂતકાળના ગેરકાયદેસર બાંધકામોને નવા પ્લાનમાં કાયદેસર ન કરવા અને તેની વિજિલન્સ તપાસ કરાવવા માટે ગાંધીનગર શહેરી વિકાસ વિભાગ સુધી લેખિત રજૂઆતો કરવાની તૈયારી કરી રહ્યા છે. તેમ છતાં પણ ન્યાયમાં વિલંબ થાય તો ઉમરગામના હિતમાં હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાની તૈયારી પણ જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવી રહી છે.